## સંપાદકીય

સ્માર્ટ સીટી :

આજકાલ સ્માર્ટની બોલબાલા છે. સ્માર્ટ ફોન, સ્માર્ટ ટી.વી., સ્માર્ટ કાર વિ. પણ સ્માર્ટ એટલે શું? અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે neat and elegant (સુઘડ, સાફ સુથરું, સંસ્કારી), clever (હોંશિયાર), forcefull (ધસમસતું), brisk (ચબરાક, ચપળ), feel a stinging pain (તીવ્ર શારીરિક કે માનસિક પીડા અનુભવવી.)

સામાન્ય રીતે આપણી માન્યતા એવી છે કે જે વ્યક્તિ સ્માર્ટ દેખાતી હોય તે જરૂરી નથી કે તે હોંશિયાર, ચપળ, સંસ્કારી હોય જ. પણ એવી દેખાય ચોક્કસ. આપણને ભ્રમમાં નાખી શકે. આજકાલ ઈન્ટરવ્યૂ લેનારાઓ કબૂલ કરે છે કે આવી ભૂલો બહુ થાય છે.

એવું હશે ખરું કે સ્માર્ટ સીટીમાં રહેનાર બાઘો, ગંદો, બબૂચક કે ઢીલોપોચો માણસ પણ સ્માર્ટ બની જાય? કાશ એવું થતું હોય!!

કેટલાક વાંકદેખા લોકોને લાગે છે કે ‘સ્માર્ટ સીટી એટલે સ્માર્ટલી ઉલ્લૂ બનાવવાની યોજના.’ ‘ઉબડખાબડ રસ્તેથી આસમાન આંબવાનું દિવાસ્વપ્ન.’ ‘ભુવાનગરી સ્માર્ટ સીટી બનશે.’ ‘પાંચ લાખથી વધુ વસ્તીનું શહેર ક્યારેય સ્માર્ટ બની ના શકે.’

ગ્રીસના આર્કિટેકે સાઠના દાયકામાં જે નગર આયોજનની વાત કરેલી તે આજે પણ એટલી જ પ્રસ્તુત લાગે છે. સરકારી જાહેરાત મુજબ સ્માર્ટ સીટી કેવું હશે તેની પણ વાત સમજીએ. ઉપરાંત સ્માર્ટ સીટીના નિષ્ણાતો સમજાવે છે કે તેમાં શું હોય અને તે કેવી રીતે કામ કરે. સાગરભાઈ શહેરની વધતી જતી વસ્તીના કારણો આપીને આપણી મૂળભૂત નીતિની ચર્ચા કરે છે. આપણે ગામડાંઓને ધરાર શહેરોમાં ભેળવીએ છીએ અને પછી શહેરની બેફામ વધતી વસ્તી દ્વારા બગડતા શહેરોને સારા બનાવવા ‘સ્માર્ટ’ બનાવવાની વાતો કરીએ છીએ.

કવિઓને મહાનગરોમાં વસીને પણ શહેરની પ્રકૃતિ અસહ્ય લાગી છે. આથી મકરંદ દવે અને રમેશ પારેખના કાવ્યો શહેરમાં વસનારની વ્યથા જાણવા મૂક્યા છે.

કદાચ આજે આપણી પાસે સ્પષ્ટ જવાબ નથી કે આપણને કેવું સીટી જોઈએ છે અને એવું શું કામ જોઈએ છે. કારણ કે આપણી પાસે માત્ર ‘કેવી રીતે’નો જવાબ છે. ‘શા માટે’નો જવાબ જે છે તે પ્રતીતિકર નથી લાગતો. અનુભવ તો એવો છે કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરનારની માનસિકતા આધુનિક નથી થતી. તે તો એવો જ રહે છે. હા, થોડું અભિમાન વધે છે. અન્ય કરતા પોતાને વધુ ઊંચો ચોક્કસ માનવા માંડે છે.



મુનિ દવે



## તળેઉપર

# ૧. માનવ વસાહત

### સી. એસ. ડોક્ષિઆડોસ

(એકિસ્ટિક્સ એ માનવ વસાહતનું વિજ્ઞાન છે. માનવ વસાહત, જે માનવથી બધ્ધ (conditioned) છે અને જેના પર અર્થશાસ્ત્ર, સામાજિક, રાજકીય વ્યવસ્થાકીય અને ટેકનિકલ વિજ્ઞાન તથા કળાની સર્વ શિસ્તોની અસર છે તેવું એક જે સમગ્ર વિજ્ઞાન અસ્તિત્વમાં છે, તેનું એકિસ્ટક્સ નિદર્શન કરે છે.

સ્થપતિ જે માત્ર મકાનની રચના કરે છે કે શહેરનું આયોજન કરે છે તેના કરતા જુદું એકિસ્ટિક્સનું કામ છે. તે સર્વ પ્રકારની માનવ વસાહતોને શક્ય તેટલા અભિગમોથી તપાસવાનું કામ કરે છે જેને કારણે તેની સાથે સંકળાયેલા પ્રશ્નોના જવાબ શોધવા માટેની જરૂરી આવડતો ખિલવવા પ્રયત્ન કરી શકાય.

એકિસ્ટિક્સને શરૂ કરનાર છે ગ્રીસમાં એથેન્સના સ્થપતિ શ્રી સી.એસ.ડોક્ષિઆડોસ (C.S. Doxiados). તેમના લખ્યા પ્રમાણે :

‘‘અમે વિચારેલા પ્રશ્નોના જવાબ શોધવા માટે ઔપચારિક ચર્ચાસભાઓ કે મિલનો ગોઠવવાનું ઠીક ના લાગ્યું. એવી આશા છે કે મુક્ત સંવાદ દરેક ભાગ લેનારને તક આપશે કે તે સત્યની વધારે નજીક પહોંચી શકે. ક્યારેક અનૌપચારિક મિલનો વધારે પરિણામદાયી અને ફળદાયી નિવડે છે અને ઔપચારિક મિલનો રચનાત્મક વિચારો માટેની બહુ ઓછી તકો આપે છે. આથી એવું નક્કી કર્યું કે વિશ્વના વિવિધ ભાગોમાંથી વિવિધ વિજ્ઞાન અને વિવિધ વ્યવસાયોના લોકોને એક મિલનમાં આમંત્રવા અને મુક્તપણે આ વિષય પર વિચારો કરવા.’’

સાઠના દાયકાના આ મિલનોના આમંત્રિતોમાં કેટલાક જાણીતા નામો પણ હતા. જેવા કે, ભારતના ડૉ. વિક્રમ સારાભાઈ - એટોમિક એનર્જી કમિશનના ચેરમેન, અમેરિકા - હાર્વર્ડના ડૉ. એરિક એરિકસન - માનવ વિકાસના અધ્યાપક, અમેરિકાની ઈલિનોઈઝ યુનિ.ના ડૉ. બકમિન્સ્ટર ફુલ્લર, અમેરિકાની પ્રિન્સ્ટન યુનિ.ના ઈતિહાસવિદ્ પ્રાધ્યાપક આર્નોલ્ડ ટોયન્બી વિગેરે.)

ઈતિહાસમાં શહેર હંમેશા માનવ સંસ્કૃતિ અને માનવ વિકાસનું પારણું રહ્યું છે. તે એથેન્સ હોય, રોમ હોય, દિલ્હી હોય કે પેરિસ હોય. આજે અન્ય માનવ સંસ્થાઓની માફક શહેર તીવ્રપણે પહોળાઈ અને ઊંડાઈ સાથે માણસજાતને અતિક્રમી જાય તેવી ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યું છે.

સતત પરિવર્તનશીલતાની નિશાની સાથે શહેરીક્રાંતિ આગળ વધી રહી છે. હવે પછીના ચાલીસ વર્ષોમાં વિશ્વની વસ્તી સાત અબજ જેટલી થશે. માણસના વસાહતની વધુ ને વધુ રીતોને વિજ્ઞાન અને ટેકનોલોજી નક્કી કરી રહી છે. તેમાં થતી પ્રગતિની સાથે માણસની સામાજિક વર્તણૂંકો બદલાતી જાય છે. આ પરિવર્તનો પોતે જ આપણને ભયસૂચક સંજ્ઞાઓ બતાવે છે.

દુનિયાભરમાં થઈ રહેલી આ ક્રાંતિનું વૈશ્વિક પાસું એ છે કે લોકો અત્યાર સુધીની સૌથી વધારે ઝડપથી શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે. વિશ્વની જનસંખ્યા દર વર્ષે બે ટકાના દરે વધી રહી છે. જ્યારે શહેરોની વસ્તી ચાર ટકાના દરે વધી રહી છે. હવેના ચાલીસ વર્ષોમાં અત્યાર સુધીના માનવ ઈતિહાસમાં નથી થયું તેટલું શહેરી બાંધકામ થશે. એ દેખીતું જ છે કે આપણી શહેરી વિકાસની ખોટી આગાહીઓને કારણે અસહ્ય નુકશાન ભોગવવાનું આવશે. સાચી આગાહીઓની ગેરહાજરી શહેરોને ગૂંચવાડા તરફ ધકેલી રહી છે, જે સામાજિક વ્યવસ્થાને નબળી પાડી રહી છે અને મૂલ્યવાન અને વિવિધ ઐતિહાસિક પરંપરાને તોડી ફોડી રહી છે. આમ, આજ અને નજર પહોંચે ત્યાં સુધીની આવતી કાલ માટે શહેરી પરિસ્થિતિ માટે એક બુદ્ધિગમ્ય અને પરિવર્તનશીલ આયોજન અનિવાર્ય બન્યું છે.

હજુ હમણાં સુધી, સરકારો, બુદ્ધિજીવીઓ, વિશેષજ્ઞો અને અર્થશાસ્ત્રીઓએ સમગ્રપણે રાષ્ટ્રના વિકાસમાં શહેરીકરણને અવગણ્યું છે. આ વિકાસની ગેરસમજનું પરિણામ છે. શહેર હંમેશા વિકાસને માટે ભારરૂપ રહ્યું છે. પણ એને હજુ સારા વિકાસનું સાધન બનાવવાનું બાકી છે. શહેરી વિકાસના સાધનોની ગુણવત્તા પર હજુ પૂરતો ભાર નથી મુકાયો. વાહનવ્યવહાર, ઊર્જા, ઔદ્યોગિકરણ, શિક્ષણ, મૂડીવ્યવસ્થા વિગેરેને મહત્ત્વની પ્રાથમિકતા તરીકે જોવામાં આવે છે. કૃષિએ ધ્યાન ખેંચ્યું છે પણ શહેરની વૃદ્ધિ એ અન્ય પરિવર્તનોની અસર તરીકે માનવામાં આવે છે અને એવું માની લેવાયું છે કે શહેરનો યોગ્ય વિકાસ આપમેળે પોતાનો રસ્તો કરી લેશે.

આ ગતિશીલ શહેરોને ફરતે આર્થિક અને સામાજિક બળોનું ગુરુત્વાકર્ષણ બહુ તીવ્રતાથી વસાહતની રીતોને અસર કરી રહ્યું છે. જે હજુ ગ્રામ્ય વિસ્તાર છે તેમને પણ આ અસરો પહોંચવા માંડી છે. શહેરની આ ક્રાંતિની અસર હેઠળ મોટા ભાગના દેશો, આવતી સદી સુધીમાં મહદ્ અંશે શહેરી બની જશે અને તેમાંયે જે વિકસિત દેશો છે તેમાં તો ૮૦%થી ૯૦% લોકો શહેરમાં વસતા થઈ ગયા હશે.

શહેરીકરણના વિસ્ફોટની અસરોને એક વાસ્તવિક તથ્ય તરીકે સ્વીકારવાને બદલે તેને અવગણ્યે રાખ્યો છે. શહેરનું નવું વાતાવરણ ભારે ગુંચવાડા સાથે આપણી સામે આવી રહ્યું છે. તેને વિકસિત રાષ્ટ્રો દ્વારા પડકારવામાં આવી રહ્યું છે. સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ જવાના ચિહ્નો સર્વવિદિત છે. વાહનવ્યવહાર, પ્રદૂષણ, જમીન પરનું દબાણ, શહેરી વસ્તીની અસમાન ગીચતા, શહેરી રોગો, ગામડાંની વસ્તીનું શહેરના ગીચ, ગંદા વિસ્તારોમાં સ્થળાંતર, વ્યવસાયના ભાગરૂપે મુસાફરીના લાંબા કલાકો, આ બધા પ્રશ્નો આપણે છેલ્લા પાંચ વર્ષોમાં જાણી ચૂક્યા છીએ અને તેના પૃથક્કરણો પણ કર્યા છે. દુનિયાભરમાં શહેરના પ્રશ્નો એકસરખા છે. વિકસિત દેશોમાં ફેર એ પડે છે કે તે પોતાના સંસાધનો ઉદ્યોગો અને કૃષિક્ષેત્રમાં વાપરી શકે છે. બાકી



બધે ઔદ્યોગિકરણનો વધારો શહેરોને વધારતો જાય છે અને ખેતીવાડી તથા અન્ય ક્ષેત્રોમાંથી લોકો ખેંચાઈને શહેરો તરફ વળતા જાય છે. આમ આ શહેરોની ખોટી ભાત વિશ્વની વધતી જતી અન્નતંગીમાં વધારો કરવાનું કારણ બની શકે.

• • •

માનવ વસાહત પાંચ તત્ત્વોનું બનેલું છે. પ્રકૃતિ (nature) , માણસ (man), સમાજ (society). માણસની બહુવિધ પ્રવૃત્તિઓનું જાળું (network) અને માળખાંઓ (shell).

- પ્રકૃતિ એટલે જમીન અને તે જમીન પરનું પર્યાવરણ, જેની પર ઘર બાંધવાનું છે.
- માણસ, જેને ઘર બાંધવું છે, જેને તેમાં રહેવું છે.
- સમાજ, જે આ માણસને કારણે બનેલો છે.
- જાળુ - network માણસની બહુવિધ પ્રવૃત્તિઓનું જાળુ તેને જીવતો રાખે છે. તેને વિકસવામાં મદદ કરે છે. તે છે દુકાનો, બેંકો, ઓફિસો, નિશાળો, કોલેજો, કારખાનાઓ વિ.
- માળખાઓ - shells, structures, જે જમીન અને પ્રકૃતિને બદલે છે. તે છે મકાન, મહોલ્લો, નગર, મહાનગર.

માણસ, સમાજ અને એનું જાળુ, તે માનવ વસાહતના મૂળ તત્ત્વો છે. પ્રકૃતિ અને માળખાઓ પાત્ર છે જેમાં પહેલા ત્રણ તત્ત્વો રહે છે. માનવ વસાહત વિષે વિચાર કરતી વખતે આપણે આમાંના એક પણ તત્ત્વને અવગણી ન શકીએ, કે ના તો કોઈ એકમાં એને સમાવી શકીએ. એ આ પાંચ તત્ત્વોનો આંતરસંબંધ છે જે વસાહતને માનવ વસવાટ માટે યોગ્ય બનાવે છે. આ વિવિધ તત્ત્વોનો અભ્યાસ વિવિધ શિસ્તો, જેવી કે ભૂગોળ, શરીર વિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, સામાજિક અને રાજકીય શાસ્ત્રો, ટેકનોલોજી, સ્થાપત્ય અને કળા પર આધારિત છે. આ બધા શાસ્ત્રો ભેગા થઈને એકિસ્ટિક્સની - સારા માનવ વસાહતની વાતને સમજાવે છે અને વિકસાવે છે. તેઓ એની આનુષંગિક શિસ્તને ઘડે છે.

માનવ વસાહતના ભાગો તેમાં રહેનાર લોકોની સંખ્યા પ્રમાણે પાડવા પડે. દા.ત. એક વ્યક્તિ, એક ઓરડો, એક ઘર, થોડાક ઘરોનું ઝુમખું, ગામનો એક વિસ્તાર, નાનું ગામ, મોટું ગામ, શહેર, મહાનગર વિ. જેમાં વસ્તીની સંખ્યા એકથી માંડી કેટલાક કરોડમાં હોય. આપણને રસ છે માણસ કેટલી જગ્યાને જોઈ શકે છે અને પોતાની પાંચ ઈન્દ્રિયો વડે અનુભવી શકે તેમાં. જેમ જેમ માનવ સંખ્યા વધતી જાય તેમ આ જગ્યાને જોવાની, અનુભવવાની ક્ષમતા ઘટતી જાય છે.

આ ભાગોમાં ટેકનિકલ શિસ્ત કેવી હોય? દા.ત. વાહનવ્યવહારને કેવી રીતે સંભાળીશું? માનવ કે પશુબળથી ચાલતા વાહનો મોટા ગામ સુધી ચાલે પણ

મહાનગરમાં ન ચાલે. દૂરના સ્થળોએ પહોંચવા માણસ ચાલતો ન જઈ શકે. મહાનગરોમાં રેલ્વેનો ઉપયોગ કરવો પડે.

તમે મકાનો કેવી રીતે બાંધશો? કઈ બાબતોનો ખ્યાલ કરશો? આનો જવાબ માટે આપણે આપણા વિષયને સમજવો પડશે. સૌ પ્રથમ મહત્ત્વ છે માણસનું - એક વ્યક્તિ તરીકે. બીજી જરૂર છે એની આસપાસની પ્રકૃતિ અને સમાજને સમજવાની. માળખાઓ અને માણસની પ્રવૃત્તિઓનું જાળુ સૌથી છેલ્લે આવે. જો માણસને પહેલા નહિ મૂકીએ તો આપણા પ્રયાસોનો કોઈ અર્થ નથી.

આપણી બેવડી જવાબદારી છે. પહેલા તો માણસનો સમગ્રપણે અભ્યાસ કરો, તે અત્યાર સુધીના ઈતિહાસમાંથી જે કંઈ શીખ્યો છે તેને નકાર્યા વગર. જો તમે વૈજ્ઞાનિક રીતથી સાબિત કરી શકો કે તે જે શીખ્યો છે તે તેને નુકશાન કરે છે તો બાજુએ મૂકવાની છૂટ. આને માટે તમારે વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરવાની જરૂર નથી. માત્ર માણસના વિજ્ઞાનને સમજો.

બીજું, સમગ્ર માણસ. બાકીના ચાર તત્ત્વો સાથે સંવાદ સાધીને વિકસિત થયેલો માણસ. જેને હું 'માનવીય માનવ' કહું.

માણસોનું શહેર માણસની સેવા માટે હશે. તેને સ્વાભાવિક સુખ આપશે અને વ્યાજબી સલામતી પૂરી પાડશે. તેના બે વિભાગો, માળખાં અને જાળાં, આનું ધ્યાન રાખશે. તેની વસાહત, ૫૦,૦૦૦થી વધુ વસ્તીની અને દસ ચોરસ માઈલ વિસ્તારથી મોટી નહી હોય. તેને કોઈ પણ કામ માટે દસ માઈલથી વધારે ચાલવું ન પડે. તેના મોટર રસ્તાઓ ભૂગર્ભમાં હશે. હાઈવે ડીપવે હશે. જેટલી ઝડપ વધારે, તેટલા વધારે ઊંડા જશે. ત્યાં રહેનારને પોતાની પસંદગી મુજબ એકલતા કે સામાજિક, રાજકીય પ્રસંગોની ભીડ મળી રહેશે. જમીનની સપાટી પર વનસ્પતિ હશે. નાના બગીચાઓથી માંડી નાના જંગલો સુધીની. તેની આસપાસ મોટા ખેતરો હશે અને જળાશયો હશે. જંગલી પ્રાણીઓ પણ નજીકમાં હશે, જેની માણસને જરૂર છે. માણસ-ખાસ તો બાળકો અને વૃદ્ધો - જમીન પર છૂટથી ફરી શકશે.

આ ગામમાં દિવસભર મશીનો સાથેના સંપર્કને કારણે ઊભા થયેલા તાણથી માણસ મુક્ત થશે. તેના શરીરને નૃત્ય કરવા દઈ શકશે. તેની સર્વ ઈન્દ્રિયોને કળા દ્વારા મુક્ત રીતે ખુલ્લી કરી શકશે. તેના મનને ફિલસૂફી કે ગણિતમાં પરોવી શકશે. તેના આત્માને પ્રેમ કરવા દેશે અને સ્વપ્નો જોવા દેશે.

માણસો પોતાના શહેરમાં પોતાની જરૂરિયાતોની પૂર્તિની સાથે સુખ અને સલામતિની શોધમાં હોય છે. એ માટે એક્ટિસ્ટિક્સના ચાર સિદ્ધાંતો છે :

**વધુ સંપર્કો :** માણસની સહજ ઈચ્છા હોય છે કે તેને પ્રકૃતિ, અન્ય માણસો અને વસ્તુઓ સાથે વધુ ને વધુ સંપર્કો (સૌંદર્ય અને બુદ્ધિમતા સાથે)ની તકો મળે. જેને



કારણે માનવ વસાહતોનો સતત વિકાસ થતો રહ્યો છે.

માણસની એક વૃત્તિ છે કે તે વધારે ને વધારે સંપર્કોની અપેક્ષા રાખે છે. જ્યાં સુધી કોઈ નવું બળ - ભય, ભૂખ વિ. - ના પ્રવેશે ત્યાં સુધી તેની આ વૃત્તિમાં બદલાવ નથી આવતો.

**ઓછી મહેનત :** માણસ વધુમાં વધુ સંપર્કો ઓછામાં ઓછી મહેનતે મેળવવા માગે છે. આ નિયમ કુદરતી સંસાધનો તેમજ માણસોને લાગુ પડે છે. આ સિદ્ધાંત વધુ ને વધુ વસ્તીની ગીચતા તરફ દોરી જાય છે. આ ઉપરાંત તે દૈનિક કામોના જાળાંને માનવ વસાહતની નજીક લાવે છે.

આ બંને વલણો માણસની પોતાના વિકાસ માટે શક્ય તેટલી વધારે સ્વતંત્રતા અથવા સૌથી વધુ પસંદગીઓની ઊંડી ઈચ્છા બતાવે છે. એવા કોઈ ચિન્હો કે સાબિતીઓ નથી કે તેને અટકાવવા જોઈએ કે અટકાવી શકાય.

**જરૂર પૂરતી જગ્યા :** પોતાના વિકાસ અને પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટેની માણસની ઈચ્છા તેને એ અપેક્ષા તરફ દોરી જાય છે કે તેની પાસે જરૂર પૂરતી જગ્યા હોય, જેને કારણે તે પોતાની ઈચ્છા મુજબની એકલતા માણી શકે. આનો અર્થ એ નથી કે તેને સૌથી વધારે જગ્યા જોઈએ છે. તેને જોઈએ માત્ર પોતાના પૂરતી જગ્યા જે તેની ભૌતિક અને સૌંદર્યની જરૂરત પૂરી કરી શકે છે. માનવ વસાહતમાં વસ્તીની સંખ્યાના સ્થળ અને કદનો આધાર છે આ જરૂર પૂરતી જગ્યા પર, જે વધુમાં વધુ સંપર્કો અને ઓછામાં ઓછા પ્રયત્નોથી મળી શકે.

**વાતાવરણની ગુણવત્તા :** આ ઈચ્છા છે માણસની પોતીકી જગ્યાની ગુણવત્તાની, એવી જગ્યા જ્યાં તે વાતાવરણ, સમાજ, માળખાં અને જાળાં સાથેના પોતાના સંબંધો નક્કી કરે છે.

સજીવોની વસ્તીની ગીચતા પર થયેલા પ્રયોગોએ એવું બતાવ્યું છે કે :

જ્યારે ખોરાક પૂરતો હોય, જંગલી પશુઓથી રક્ષણ હોય, રોગચાળાનો કોઈ ભય ન હોય ત્યારે સજીવોની વસ્તી વધતી જશે. આ વધારાનો દર ઉંમરને કારણે થતા મૃત્યુના દર કરતા વધારે હોય છે. જેમ જેમ વસ્તી ગીચ થતી જાય તેમ તેમ વસ્તી વધારાનો દર ઝડપથી વધે છે. પછી સમય જતાં એ દર ઘટવા માંડે છે.

વસ્તીની અતિ ગીચતા શારીરિક અને વર્તણુંકો સંબંધિત અસરો જન્માવે છે. દા.ત. માદાની ફળદ્રુપતા ઘટાડે. પુખ્તવયમાં વધારો, બાળમૃત્યુનું વધારે પ્રમાણ વિ. આ ઉપરાંત અતિ ગીચ વસ્તી સજીવોમાં નિરાશા અને હિંસક ઉત્તેજનાનું પ્રમાણ વધારે છે. તેને કારણે અંદરોઅંદરના ઝઘડાઓ વધી જાય છે. આથી અડધું જીવન ઘાને રૂઝવવામાં જ જાય છે. આ બધા લક્ષણો ભૂખમરા પહેલા દેખાવા માંડે છે.

વસ્તી ગીચતાનો કોઈ આંતરરાષ્ટ્રીય માપદંડ નથી. જુદા જુદા પ્રદેશ, દેશના લોકોની વસ્તી ગીચતાની જરૂરિયાતો અલગ અલગ છે. જે ગીચતા યુરોપિયનોને

તકલીફ આપે છે તે જાપાનીઓને નથી આપતી. દુનિયાના દરેક પ્રદેશમાં માણસની પોતાની અંગત જગ્યાની જરૂરિયાત જુદી જુદી છે. માણસ જે વાતાવરણમાં ઉછરેલો છે તે પ્રમાણે તેના જીવન વિષેના અભિગમો ઘડાય છે. અતિગીચ વસ્તીના લોકો પોતાના પાડોશીની તદ્દન અલગ જીવન રીતને સ્વીકારી શકતા નથી.

તે પણ જાણવું જરૂરી છે કે મોટી સંખ્યાના લોકો ગીચ વસ્તીથી દૂર ભાગતા નથી. શહેરમાં ગીચ વસ્તીમાં રહેતા લોકો વેકેશનમાં કે અઠવાડિક રજામાં સમુદ્રકિનારે કે ગીરીમથકો પર આરામથી રહેવા, તાજાં થવા જાય છે ત્યારે તેમને સહેલાણીઓની ગીચ વસ્તી ગમે છે.

ગીચ વસ્તીની વાત કરતી વખતે ટેકનોલોજીને લક્ષમાં લેવી પડે. આજની ગીચતાને પચીસ વર્ષ પહેલાંની ગીચતા સાથે સરખાવી ના શકાય. જૂના શહેરોમાં ગીચતા વધારે હતી, પણ માનવ સંપર્ક સરળ હતો. આજે દૂર રહેતા લોકો સાથે સંપર્કની તકો વધી ગઈ છે જ્યારે નજીકના લોકો સાથેના સંપર્કની તક ઘટતી જાય છે.

જીવનની ગુણવત્તા માગે છે મોકળાશ અને ઓછી ગીચતા. તેનો અર્થ કે બંને જાતની મોકળાશ - આંતરિક અને બાહ્ય. જાહેર સ્થળો જ્યાં લોકો ભેગા મળે અને પ્રકૃતિનો સંસર્ગ જ્યાં ખલેલ વગરની એકલતા મળે.

(૬૦ના દાયકાના 'એકિસ્ટિક્સ'ના માસિકમાંથી સારવીને)

## ૨. ભારતીય સંદર્ભે સ્માર્ટ સીટીનો વિચાર

**રાજર્ષિ રાકેશ સહાય**

(સહાય સોલ્યુશનના શ્રી રાજર્ષિ વિવિધ શિસ્તના વ્યાવસાયિક છે જે ઊર્જા કાર્યક્ષમતા અને સ્થાપત્યના વિષયે શહેરી આયોજનના નિષ્ણાત છે. શહેરી વિકાસના પ્રોજેક્ટોમાં છ વર્ષ સલાહકાર તરીકે કામ કર્યા બાદ તે ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ (ISB) ના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (pgp) ના ૨૦૧૫ના વિદ્યાર્થી છે. દેશમાં વિવિધ મિલનોમાં સ્માર્ટ સિટીની રાષ્ટ્રીય ચર્ચાસભામાં તે વ્યાખ્યાનો આપે છે.)

ભારત સરકારના એજન્ડામાં ૧૦૦ નવા સ્માર્ટ શહેરો બનાવવાનો અગ્રતાક્રમ આગળ છે. આમ છતાં સ્માર્ટ સીટીનો વિચાર ભારતીય સંદર્ભે સમજવો પડે. તે વખતે કોઈ ખાસ ટેકનોલોજીને કેન્દ્રમાં નહિ રાખવાની કે ના એવો ખ્યાલ કે એવો ઉકેલ શોધવો જેમાં બધાનો સમાવેશ થાય. એવા કોઈ પૂર્વગ્રહ વગર આ મુદ્દાને વિચારીએ. યુરોપિયન યુનિયનનો 2012 Smart Cities and Communities Agenda આવ્યા પછી તેનાથી વધારે બહોળા ઉદ્દેશો સાથેનો યુનાઈટેડ નેશન્સનો Agenda 12 આવ્યો. તેણે આ અભિગમને વધારે સ્પષ્ટતા આપી. તેણે ઊર્જા, વાહન વ્યવહાર, માહિતી અને પ્રસારણ ટેકનોલોજીને શહેરી વિસ્તારમાં એકમેકના સહયોગી તરીકેનું કાર્ય ગણ્યું.



વિશ્વમાં થતી પહેલોનું પૃથક્કરણ કરતા સ્માર્ટ સિટીની રચના દરમ્યાન જે સમાન બાબતો સામે આવે છે તે આ પ્રમાણે છે :

**સંગઠિત :** ઊર્જા, પરિવહન, માહિતી અને પ્રસારણ ટેકનોલોજીને શહેરી વિસ્તારોમાં સ્માર્ટનેસ લાવવા માટેના સમાંતર અને એકમક પર આધારિત અંગો ગણ્યા છે.

**સ્માર્ટ નિયંત્રણ :** આ બાબત પર સ્માર્ટ ઉકેલનો મુખ્ય આધાર છે. આ નિયંત્રણ શહેરો અને સમાજના સમગ્રપણે ભલા માટેના માહિતીસભર નિર્ણયો લેવાથી અને વિવિધ મતો અને ઉદ્દેશોની સામેલગીરીથી થાય છે.

**નવીનતા અને ટેકનોલોજી :** વિશ્વભરમાં ટેકનોલોજીઓ વધારે સ્માર્ટ નિર્ણયો લેવા માટે વપરાય છે. ટેકનોલોજીની નવીનતા ચીલાચાલુ અને સોશિયલ મીડીયાના સાધનો દ્વારા એકઠી કરાતી માહિતીને વધારે સારી રીતે એકઠી કરી શકે છે અને તેનું પૃથક્કરણ કરી શકે છે. સ્માર્ટ સીટીને ભારતીય વાતાવરણમાં સમજતી વખતે નીચે મુજબની છબીઓ ઉપસે છે.

**ઊર્જા :** ભલે ઊર્જા કોર્પોરેશનના નિયંત્રણમાં ના હોય, પણ ઊર્જા એ શહેરની બહુ મોટી નિસ્બત છે. શહેરોમાં પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનો તે ઊર્જા વપરાશનું સૌથી મોટું અંગ છે. વિદ્યુત ઊર્જાનો બીનકાર્યક્ષમ અને સતત વધતો જતો વપરાશ તે પણ એક સંબંધિત મુદ્દો છે. તેની સાથે ઝડપથી વૃદ્ધિ પામતા શહેરો, રસ્તાઓ પુલો અને મકાન બાંધકામોના કાર્યોમાં ઘણી ઊર્જા વાપરે છે.

વિશ્વભરના શહેરો ઔદ્યોગિક ગૃહો અને ગામડાંઓ કરતા વધારે ઊર્જાનો વપરાશ કરે છે. આથી એ વાત સમજવાની છે કે ઊર્જાની કાર્યક્ષમતા એ માત્ર ખાસ વિસ્તાર પૂરતી વાત નથી પણ આખા રાજ્ય-દેશની બાબત છે. ખાસ કરીને ભારતમાં આપણે નિયત કે અનિયત પાવર કાપને સહન કરીએ છીએ. બળતણ અને વીજ વપરાશનો આપણો અસમાન વપરાશ તેના વિતરણને ઠપ કરી દે છે અને આખા દિવસનો વપરાશ અટકી જાય છે. આ સમસ્ત શહેરી વિસ્તારની આર્થિક બાબતોને અસર કરે છે જે શહેરની કમાણીને અસર કરે છે અને તે દ્વારા તે શહેરની વૃદ્ધિની શક્યતાને અસર કરે છે. ઊર્જાના વધારે સારા મેનેજમેન્ટને માત્ર રાષ્ટ્રીય સ્તરના જવાહરલાલ નહેરુ સોલાર મિશનથી મદદ ના મળે. પણ વધારે સારી વિતરણ વ્યવસ્થા અને પૂરતા પ્રમાણમાં ઊર્જા ઉત્પાદનથી જ વૃદ્ધિ અને વિકાસ માટે ૨૪ કલાક વીજળી આપી શકીએ.

**પરિવહન અને ભીડ :** ઉપર જણાવ્યા મુજબ પરિવહન એ ઊર્જા અને કાર્બનના સંદર્ભે બહુ મહત્ત્વની બાબત છે. વધુમાં, ગતિશીલતા એ આધુનિક શહેરી આર્થિક બાબતની મહત્ત્વની જરૂરિયાત છે. ભારે ભીડને કારણે સમયનો વ્યય એ ધંધા અને આર્થિક કાર્યો ઉપરાંત શહેરની કુલ કાર્યક્ષમતા પર ભારે અસર કરે છે. ભીડને નિયંત્રિત કરવી તે તાત્કાલિક અને અનિવાર્ય સેવા આપવા માટે ઘણી મહત્ત્વની છે. સારી ગુણવત્તાવાળી પરિવહન પદ્ધતિ એ ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડે છે અને સાથે પ્રદૂષણ પણ ઘટાડે છે. તેની સાથે સલામતીનો પણ ફાયદો છે.

**ઈન્ટરનેટ અને કોમ્યુનિકેશન ટેકનોલોજી :** ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) શહેરીજનોને એકમેક સાથે જોડવા માટે સારી મદદ કરે છે. તેનાથી નવા વિચારોને ત્વરિત પ્રતિભાવો મળે છે અને ઉત્તેજન મળે છે. ટેકનોલોજી શહેરી પ્રશ્નોને સમજવામાં, તેની સાથે વિવિધ મુદ્દાઓ જોડવામાં મદદ કરે છે અને જેના અનેક ફાયદાઓ હોય તેવા નવા ઉકેલોને જન્મ આપે છે. આમ છતાં, માત્ર ટેકનોલોજીના શોખને માટે, દેખાડો કરવા માટે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ ફળદાયી નીવડતો નથી. ટેકનોલોજી એ તો ઈચ્છિત અંતિમ પહોંચવાનું સાધન માત્ર છે. ટેકનોલોજી માટે આપણે ત્યાં પહોંચવું નથી.

**જાહેર પરિવહન અને ભીડની માહિતી અને તેના ઉકેલોનું મેનેજમેન્ટ :** જ્યારે સમૂહ પરિવહન માહિતીના એકત્રિકરણ અને તેના મેનેજમેન્ટની પદ્ધતિના મજબૂત ટેકા સાથે આવ્યું, ત્યારે તેણે આ પદ્ધતિ કાર્યક્ષમતા સાથે કામ કરે તેવા એક મર્યાદિત ચોકઠામાં રહીને જ કામ કર્યું. આ ખાસ તો ભારતમાં BRTS માટે વધારે સાચું છે, જ્યાં પાંચ સેવા આપનારાઓ : ટીકીટ આપવી, બસ ક્યાં છે તેની જાણ કરવી, માહિતીની પ્રસાર અને રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમની સાચવણી કરવી, તેના પૂરતા મર્યાદિત રહ્યા. રસ્તા પરના અન્ય વાહનોની મબલખ માહિતી અને તેનો ઉપયોગ શહેરોના વાહનોની રસ્તા પરની સ્થિતિ, સલામતી અને શહેરના રસ્તા પરની હર પળે બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અન્ય રસ્તાઓના ઉપયોગની માહિતી સારા મેનેજમેન્ટ દ્વારા આપી શકાય તેમ છે.

**મ્યુનિસિપાલિટીનો વહીવટ અને** MIS (Management Information System) **:** આવી પદ્ધતિમાં વિવિધ બાબતોની મ્યુનિસિપલ સેવાઓ અને આંતરિક વહીવટના નીતિ નિયમોનો સમાવેશ છે. એવી પદ્ધતિ અસ્તિત્વમાં છે જે વિવિધ વિભાગોને એકમેક સાથે જોડે અને માહિતીની ચોકસાઈ જાળવી રાખે. જમીન આધારિત નકશાઓ મ્યુનિસિપાલિટી સ્તરે અને વિવિધ સંસ્થાઓ પાસે છે જ.

અંતરિક્ષની, સામાજિક-આર્થિક હકીકતો અને સેવાની કાર્યક્ષમતાની સારી ગુણવત્તાયુક્ત માહિતી અધિકારીઓને વધુ સારા નિર્ણયો લેવામાં મદદ કરી શકે. તે માટે એ માહિતીને બહોળા સ્તરે હાથવગી કરવી પડે. કાયદાઓથી બચાવવી પડે અને તેમાં સતત સુધારણા કરી શકાય તેવી સ્થિતિસ્થાપક હોવી જોઈએ.

**ઊર્જાનો વધારે સારો ઉપયોગ :** શહેર અને મ્યુનિસિપાલિટી સ્તરે ઊર્જાના વપરાશની વિવિધ માહિતી ઊર્જા અને બળતણના બિલો સ્વરૂપે છે અને ઊર્જાના વપરાશના મહત્ત્વના કેન્દ્રો - જેવા કે વાહનો, પાણી અને ગટરોનું પમ્પિંગ વગેરેના સ્વરૂપે છે. આમ છતાં, શહેરભરમાં ઊર્જાના ખરા સમયના વપરાશની માહિતી નથી. આ બાબત શહેરને ઊર્જા વપરાશના વલણને રોકવામાં અને તે દ્વારા કાર્યક્ષમતા મેળવતા રોકે છે. દા.ત. દિલ્હીની 'ગ્રીન રુફ પહેલ' ઊર્જાના અતિ વપરાશ વખતે મેઈન ગ્રીડને સૌર ઊર્જા આપે છે અને તેને ઠપ કરતા રોકે છે. તેવી જ રીતે ગતિશીલ ઊર્જા કાર્યક્ષમતા ઊર્જાના વલણને નિયંત્રિત કરીને મ્યુનિસિપલ સેવામાં મેળવી શકાય.



**સ્માર્ટ શહેરના મેનેજમેન્ટ ઉકેલ :** એ જોવું મુશ્કેલ નથી કે ઉપર જણાવેલા બધા ઉકેલો એકમેક પર આધારિત છે અને વિવિધ ખાતાના અધિકારીઓ, વિવિધ સંસ્થાઓ અને વિવિધ વિશેષજ્ઞો સાથે જોડાયેલા છે. ઊર્જા અને સગવડોની કાર્યક્ષમતા ટેકનોલોજી અને નવીનતા પર આધારિત છે. જ્યારે સ્માર્ટ વહીવટીતંત્ર તેને સામુહિક નિર્ણય પ્રક્રિયા દ્વારા એક છત્ર નીચે લાવે છે ત્યારે સ્માર્ટ શહેરનો ઉકેલ એક સંગઠિત માહિતી સંગ્રહ છે જેને નવીનતાસભર ICT ટેકનોલોજીને જોડે છે. તે એક સાથે અંતરિક્ષ, પરિવહન, ઊર્જા, મ્યુનિસિપલ સેવાઓ, સામાજિક-આર્થિક હકીકતો, સંસાધનોની ક્ષમતા વિશેની માહિતીને જન્માવે છે. તેના પર પ્રક્રિયા કરે છે અને તેનું પૃથક્કરણ કરે છે. તે એક સમગ્રતા સાથેનો નિર્ણય લઈને એવી વહીવટી પદ્ધતિ વિકસાવે છે જે હકીકતો પર આધારિત છે અને ઝડપી છે.

એ શહેરના અધિકારીની જવાબદારી છે કે તે માહિતીને તેની સઘળી સંકુલતા સાથે અને સમગ્રતાના દાયરામાં સમજે. ઉપર જણાવેલ બાબતોના વલણોને પોતાના અનુભવો અને અંતઃસ્ફુરણાથી નિયંત્રિત કરે, જેને કારણે તે ઊર્જાની કાર્યક્ષમતા, ખર્ચની કાર્યક્ષમતા અને આર્થિક શક્યતા સાથે કાર્યો કરે. આ બધાનો ઉપયોગ તે આર્થિક કાર્યક્ષમતા, સલામત અને સારી રીતે ઉપયોગમાં લેવાતા સાધનો, સગવડોમાં, અસરકારક વહીવટમાં અને ગતિશીલ વાહનોને સાચા પ્રતિભાવો આપવામાં કરશે જેને કારણે તે ખરા અર્થમાં શહેરને સ્માર્ટ શહેર બનવા તરફ લઈ જશે.

(ઈન્ટરનેટ પરથી)

## ૩. સ્માર્ટ સીટીઝ મિશન

**ભારત સરકારના શહેરી વિકાસ ખાતા (MOUD) ની જાહેરાત :**

આજના ભારતની ૩૧% જનસંખ્યા શહેરોમાં વસે છે. અને દેશની GDP માં ૬૩% નો ભાગ આપે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના ૪૦% લોકો શહેરોમાં વસતા હશે અને GDP માં શહેરોનો ફાળો ૭૫% થશે. આ બાબત ભૌતિક, સંસ્થાકીય, સામાજિક અને આર્થિક સંસાધનોનો સમગ્રપણે વિકાસ માગે છે. એ બધા લોકોની સુખાકારી માટે અનિવાર્ય છે જે લોકોને અને મૂડી રોકાણને આકર્ષે છે. આને કારણે વૃદ્ધિ અને વિકાસના ચક્રને ગતિ મળે છે. સ્માર્ટ સીટીનો વિકાસ તે આ દિશામાં એક ડગ છે.

સ્માર્ટ સીટીઝ મિશન તે ભારત સરકારની એક નવીવતાસભર અને આગવી પહેલ છે. સ્થાનિક વિકાસને મદદ મળવાથી આર્થિક વૃદ્ધિ થશે અને લોકોની સુખાકારી વધશે અને નાગરિકો માટે સ્માર્ટ સેવાઓ મળી રહે તે માટે ટેકનોલોજીનો ઉપયોગ થશે.

**સ્માર્ટ સીટી શું છે?** સ્માર્ટ સીટીઝ લોકોની તાકિદની જરૂરિયાતો પર અને તેમના જીવનધોરણની સુધારણા માટેની સૌથી મોટી તકો પર કેન્દ્રિત છે. તે અનેક અભિગમો પર

કામ કરે છે. જેવા કે — ડિજિટલ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી. શહેર આયોજનની સૌથી શ્રેષ્ઠ રીતો, પબ્લિક-પ્રાઈવેટ સહયોગ અને નીતિમાં ફેરફારો - જે બદલાવ લાવી શકે. તે હંમેશા માણસને પ્રથમ સ્થાને મૂકે છે.

સ્માર્ટ સીટીઝના અભિગમમાં મુખ્ય ઉદ્દેશ છે કે એવા શહેરોને ટેકો આપવો જે મૂળભૂત સાધનસગવડો આપી શકે અને નાગરિકોને ઉત્તમ ગુણવત્તાવાળું જીવનધોરણ આપી શકે. ચોખ્ખું અને ટકાઉ પર્યાવરણ આપી શકે. સ્માર્ટ ઉકેલો આપી શકે. તેના કેન્દ્રમાં છે ટકાઉ અને સર્વગ્રાહી વિકાસ અને વિચાર છે કે તે સઘન વિસ્તારો પર ધ્યાન આપે. પુનરાવર્તિત થઈ શકે તેવો નમૂનો આપે જે અન્ય શહેરોને માટે દીવાદાંડીની ગરજ સારે. સ્માર્ટ સીટીસ એવો દાખલો બેસાડવા માંગે છે કે જેનું પુનરાવર્તન તે શહેરમાં અને અન્ય સ્માર્ટ શહેરોમાં થઈ શકે. જે વિવિધ વિસ્તારોમાં અને દેશમાં અન્ય સ્થળોએ એના જેવા અન્ય સ્માર્ટ શહેરો માટે ઉદ્દીપકનું કામ કરે.

**સ્માર્ટ સીટીઝની વ્યૂહરચના :** સમગ્ર શહેરને માટેની પહેલ જેમાં કમ સે કમ એક સ્માર્ટ ઉકેલ આખા શહેર માટે હોય, એક એક પગલે ત્રણ નમૂનાના વિસ્તારોનો વિકાસ કરવો, રેટ્રોફિટિંગ - (નવા સાધનો-સગવડો જોડવાના), પુનઃવિકાસ, હરિયાળા મેદાનો.

**સાધનસગવડો (infrastructure) ના મૂળ ઘટકો :** પૂરતો પાણી પુરવઠો, આધારભૂત વિદ્યુત પુરવઠો, ગટર વ્યવસ્થા અને નક્કર કચરાનો પ્રબંધ, કાર્યક્ષમ જાહેર પરિવહન, ગરીબોને પોસાય તેવા ઘરો, મજબૂત IT જોડાણો અને ડિજિટાઈઝેશન, સારી વહીવટી સેવાઓ, ખાસ તો ઈ-ગવર્નન્સ અને નાગરિકોનો સમાવેશ, ટકાઉ પર્યાવરણ, નાગરિકોની સલામતિ અને સંરક્ષણ, ખાસ તો સ્ત્રીઓની, બાળકોની અને વૃદ્ધોની, આરોગ્ય અને શિક્ષણ.

**સમાવેશ અને સમયગાળો :** આ મિશન ૧૦૦ શહેરોને આવરી લેશે અને તે માટેનો સમયગાળો છે ૫ વર્ષ. (FY 2015-2020) ત્યારબાદ શહેરી વિકાસ ખાતુ (Ministry of Urban Development) તેનું મૂલ્યાંકન કરશે અને જે શીખ્યા તેના પ્રકાશમાં તેને નવા કામોમાં જોડતા જવાનું મિશનનું કામ ચાલુ રહેશે.

---

વિનોબાજીએ કહ્યું છે કે, ''શા માટે (why) નો જવાબ તત્વજ્ઞાન આપશે. કેવી રીતે (how) નો જવાબ વિજ્ઞાન આપશે.'' આપણી પાસે 'કેવી રીતે'ની સ્પષ્ટતા છે. પણ 'શા માટે'નો સ્પષ્ટ જવાબ છે? અનિયોજિત અને અનિયંત્રિત વિકાસ સતત સમસ્યાઓ ઊભી કરી રહ્યો છે અને આપણે આ અસાધ્ય રોગને કડવી દવા વગર સારો કરવા ઈચ્છીએ છીએ. પરંતુ એનાથી મોટી બીજી મુશ્કેલી એ છે કે આપણે દર્દીની સગવડ અને પસંદગીથી તેનો ઈલાજ કરવા માંગીએ છીએ. (ચિન્મય મિશ્ર-'સપ્રેસ'માંથી.)



# ૪. નરેન્દ્ર મોદીના સ્માર્ટ શહેરો

---

**રોહન વેંકટરામન ક્રિશ્નન ૧ મે ૨૦૧૫**

તેમના ચૂંટણી પ્રચારની શરૂઆતથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં ૧૦૦ સ્માર્ટ શહેરો બનાવવાની વાત કરી છે. આ સદીને ભારતની સદી બનાવવી, બુલેટ ટ્રેઈન લાવવી, નદીઓને જોડવી અને કાળું ધન પાછું લાવવું એવા મોદીના વ્યાપક દર્શન (વિઝન)નું આ વચન હંમેશા ભાગ રહ્યું છે. પણ એમાં હજુ ખાસ પ્રગતિ થઈ નથી. આ વર્ષના બજેટમાં રૂ. ૭૦૦૦ કરોડ સ્માર્ટ સીટીને નામે ફાળવ્યા છે. જેમાંના બહુ નાના ભાગનો ઉપયોગ હજુ સુધી થયો છે.

બુધવારે કેન્દ્રિય પ્રધાનમંડળે આખરે બળદને તેના શીંગડાથી ઝાલ્યો છે. દરેક શહેરને રૂ. ૧૦૦ કરોડ દર વર્ષે આગામી પાંચ વર્ષ સુધી આપવામાં આવશે. આ બતાવે છે કે શહેરોના નવીનીકરણ માટે મોટું રોકાણ કરવામાં આવ્યું છે. જો કે શહેર દીઠ આ રોકાણ નજીવું છે. એ સ્પષ્ટપણે બતાવે છે કે સરકાર એવી અપેક્ષા રાખે છે કે સ્માર્ટ સીટી માટે ખરો આર્થિક ટેકો તો ખાનગી સાહસો તરફથી આવશે.

**સ્માર્ટ સીટી શું છે?** સ્માર્ટ સીટીની કોઈ એક વ્યાખ્યા નથી. આ શબ્દ સમૂહ એવા શહેરી વિસ્તારના ખ્યાલને આવરી લે છે કે જે પર્યાવરણને સાચવે, ટેકનોલોજીને સંગઠિત (એકમેક સાથે જોડી રાખે) કરે. ચોકસાઈ સાથે આયોજન કરે અને તે વખતે એ ખાસ ધ્યાન રાખવામાં આવે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ એવી રીતે થાય કે જેથી કાર્યક્ષમતામાં સુધારો થાય. દુનિયાના મોટા ભાગોમાં આ વિચારની શરૂઆત થઈ છે.

**તેમાં સ્માર્ટ શું છે?** આપણે એ કબૂલ કરીએ કે સ્માર્ટ સીટીની વ્યાખ્યા કરવી અઘરી છે. શહેરી વિકાસ ખાતાએ ગયા નવેમ્બરમાં મૂકેલી નોંધ મુજબ તેણે આ પ્રયાસ કર્યો છે.

''સ્માર્ટ સીટીસ્ એવા શહેરો છે જે મૂડીરોકાણો, વિશેષજ્ઞો અને વ્યાવસાયિકોને આકર્ષી શકે. સારી ગુણવત્તાની સગવડો, વ્યવસાય અને સેવાઓની ઓનલાઈન પ્રક્રિયાઓ સહેલી અને પારદર્શક હોય જે કોઈને વ્યવસાય કરવો અથવા ઔદ્યોગિક સાહસ ચાલુ કરવું કે તેને કાર્યક્ષમ રીતે ચલાવવું સહેલું બનાવે. તેમાં તેને કોઈ વહીવટી અડચણો અંતરાય રૂપ ના બને. આ બધા સ્માર્ટ સીટીના શહેરીજન કેન્દ્રિત અને રોકાણકારને સહયોગી એવા લક્ષણો છે.''

**આપણને આની શું કામ જરૂર પડે?** ભારતનું શહેરીકરણ અભૂતપૂર્વ દરે થઈ રહ્યું છે. એટલું બધું કે એક અંદાજ મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના ૬૦ કરોડ લોકો શહેરોમાં વસતા હશે. ૨૦૦૧માં આ સંખ્યા ૨૯ કરોડ હતી.

ભારતમાં લોકોના ટોળાઓ ત્યાં ધસી જાય છે જ્યાં નોકરી અને પૈસા છે. મેકેન્ઝી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટના અભ્યાસ મુજબ શહેરો ૨૦૩૦ સુધીમાં આશરે ૭૦% જેટલા નવા

કામો (નોકરીઓ)નું નિર્માણ કરશે જે ૭૦%થી વધારે ઈન્ડિયન ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટસ પેદા કરશે અને દેશભરમાં માથા દીઠ આવકમાં ચાર ગણી વૃદ્ધિ કરશે.

મેકેન્ઝી રિપોર્ટ મુજબ : ''શહેરોની અવગણના કરવાથી ભારતને બહુ આકરી કિંમત ચૂકવવી પડશે. શહેરીકરણની ઝડપ મેનેજમેન્ટ અને પોલીસી સંદર્ભે મોટા પડકારો ઊભા કરે છે તેમ છતાં ભારતે આ મહા સ્થળાંતર વિષે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા હજુ હમણાં જ શરૂ કરી છે.''

**શું નવા શહેરો બનશે?** ગયે વર્ષે નાણા પ્રધાન જેટલીએ તેમના અંદાજપત્રના પ્રવચનમાં એ સ્પષ્ટ કર્યું કે શા માટે સરકાર ૧૦૦ સ્માર્ટ શહેરો માટે પૈસા ખર્ચે છે. તેમણે દાવો કર્યો કે : ''જો નવા શહેરો નહિ વિકસાવીએ તો હાલના શહેરોમાં વધતી જતી જનસંખ્યાને કારણે શહેરો રહેવાલાયક નહિ રહે.''

પણ સરકાર આ ૧૦૦ કરોડમાં તદ્દન નવા શહેરો નથી બાંધવાની. તેના બદલે, વધુ પૈસા તો હાલની સુવિધાઓ વધારવામાં વપરાશે. ખાસ તો એ શહેરોની પસંદગીની પ્રક્રિયા પર ધ્યાન આપવાની જરૂર છે કે પસંદ પામેલા શહેરો એને લાયક છે? રાજ્યો કેટલાક વિસ્તારો નવા શહેરોના વિકાસ માટે ફાળવી શકે. જેમ કે આંધ્રપ્રદેશે નવા પાટનગર માટે માંગણી કરી છે – પણ બહુમતી શહેરો તો હાલના શહેરો જ હશે.

**કયા શહેરો પસંદ થયા છે અને કેવી રીતે?** લોકસભામાં ઉપર જણાવેલી નોંધ સૂચવે છે કે ભારતના દરેક મહાનગર (મેટ્રો સીટી) રાજ્યના પાટનગરો માટે એક એક ઉપનગર અને ૧૦ થી ૪૦ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા શહેરો અને કેટલાક પર્યટન અને ધાર્મિક મહત્વના શહેરો.

**સરકાર આ શહેરોનું સ્માર્ટ સીટીમાં રૂપાંતર કેવી રીતે કરશે?** પ્રધાનમંડળની નોંધ કેન્દ્રિત થાય છે પુનઃવિકાસ, નવા સાધનો જોડવાના (retrofiting), પુરા શહેરને અસર કરે તેવા કામોની પહેલ અને નવા શહેરોનો વિકાસ પર. તે થોડાક દાખલાઓ પણ આપે છે.

અમદાવાદમાં રેટ્રોફિટિંગના ભાગ રૂપે કેટલાક ચોક્કસ વિસ્તારોમાં રહેલી ખામીઓને આધારે લોકલ એરિયા પ્લાન અંતર્ગત નવા સાધનોનું નિર્માણ (વાડજ વિસ્તારમાં ચંદ્રભાગા નાળા પાસે નવું વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન અને સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ), પુનઃવિકાસમાં જ્યાં બાંધકામ થયેલું છે જ પણ તે પૂરતું નથી ત્યાં વધુ બાંધકામ કરવું (મુંબઈ ભીંડી બજારમાં અને દિલ્હીમાં કિડવાઈ નગરમાં). પૂરા શહેરને અસર કરે તેવા કામોમાં ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન જે બધા રહેવાસીઓના અવરજવરના સમયને બચાવે.

**આ માટેના પૈસા કોણ ચૂકવશે?** શહેર દીઠ રૂ. ૧૦૦ કરોડ દર વર્ષે રકમ પૂરતી નથી અને જો થોડી વધારીએ તો પણ સરકાર પાસે શહેરોને ચૂકવવા માટે એટલા સંસાધનો નથી. ગયા બજેટમાં સરકારે કહેલું કે તે વિદેશના સીધા રોકાણના નિયમો હળવા કરવા માગે છે જેથી સ્માર્ટ સીટી માટે વિદેશી નાણા મેળવવા સહેલા પડે. પ્રધાનમંડળે એવું પણ જાહેર કર્યું છે કે તે આશા રાખે છે કે દરેક રાજ્ય સ્માર્ટ સીટી માટે સ્પેશિયલ પરપઝ વેહિકલની સ્થાપના કરે,



જે તેને નાણા પૂરા પાડે. વધારામાં ભારતે ફ્રાન્સ, જાપાન, સિંગાપોર અને અન્ય દેશોને આ પ્રોજેક્ટમાં સહયોગ કરવા વાત કરી છે.

**એવા શહેરોનું શું જેને આ પ્રોજેક્ટમાં સામેલ નથી કર્યા?** જૂન ૨૦૧૪માં શહેરી વિકાસના વિભાગના સેક્રેટરી સાથેની મિલનમાં કહેવામાં આવ્યું કે ''ધ્યાન માત્ર ૧૦૦ સ્માર્ટ સીટીસ પર જ માત્ર નહિ, પણ દેશના સમગ્ર શહેરી વિસ્તાર પર છે.'' ૧૦૧ અન્ય શહેરોને વિકાસના કામો માટે છોડી દેવાનું કોઈ વ્યાજબી કારણ નથી. પણ તેઓ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત કેન્દ્રના ભંડોળ માટે લાયક નહિ બને.''

**શું આપણી પાસે હાલમાં કોઈ સ્માર્ટ સીટી છે? (અને તેને કોણ બાંધે છે?)** બેંગ્લોરમાં CISCO સ્માર્ટ ગ્રીડ આધારિત એજ્યુકેશન સીટી બનાવે છે જેમાં બધી જ સેવાઓ એકમેક સાથે, તેની માહિતી સાથે જોડાયેલી હશે. મુંબઈની બહાર લોધા ગ્રુપ માટે IBM ને પલામા પ્રોજેક્ટ માટે માહિતીની આ પદ્ધતિ માટે કોન્ટ્રાક્ટ આપેલો છે. કોચીમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં દુબઈની પ્રતિકૃતિ બનાવવા સ્માર્ટ સીટીનો પ્રોજેક્ટ છે. ગુજરાત પાસે બે પ્રોજેક્ટસ છે. જેમાંનો એક ધોલેરા શહેરી વિસ્તાર, જે દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરને ભાગ છે અને બીજો ગાંધીનગર નજીક ગીફ્ટ સીટી (Gujarat International Finance Tec. City) બંનેમાં કેટલાક અંતરાયો છે પણ એમને નમૂના તરીકે દેશભરમાં આગળ ધરવામાં આવ્યા છે જેનું મોટું સ્વરૂપ સ્માર્ટ સીટી હશે.

## આટલું તો જરૂરથી વાંચશો

**સુરેશ પરીખ**

ઘણા બધાંને ખ્યાલ હશે જ કે 'વિચારવલોણું'ની શરૂઆત ૧૧ સપ્ટેમ્બર ૧૯૭૨ (વિનોબા જન્મજયંતિ)ના રોજ કરવામાં આવી હતી. છેલ્લાં ૪૪ વર્ષ દરમ્યાન પ્રસિદ્ધ થયેલી પુસ્તિકાઓ વ્યક્તિગત કે પુસ્તકાલયોમાં સાચવવી પ્રમાણમાં મુશ્કેલ રહી છે. તો આ પુસ્તિકાઓમાં ખૂબ જ ઉપયોગી - Beyond Space & Time પ્રસ્તુત છે. ઉપયોગી રહેશે જ એવી પસંદગીની પુસ્તિકાઓનું સંકલન કરી એક પાકા પૂઠાંની ડીલક્ષ આવૃત્તિ આશરે ૨૫૦ પાનાની - પાંચેક પુસ્તિકા સમાવાય - ૧૦૦૦ નકલ છાપવા વિચાર્યું છે. અને કાયમી ધોરણે સચવાઈ રહે અને ઉપયોગમાં આવે એ હેતુથી કેટલીક વ્યક્તિ-સંસ્થાઓને બે નકલ ભેટ સ્વરૂપે મોકલી શકાય. આની આર્થિક વ્યવસ્થા અંગે વિચાર્યું નથી. પણ જે મિત્રોને આ આયોજન ગમ્યું હોય તેઓ આર્થિક સહયોગ પેટે રૂ. ૧૦૦૦/- થી રૂ. ૫૦૦૦/- સુધીની રકમ 'સુરેશ પરીખ'ના નામે ચેક કે. મની. ઓર્ડરથી બિરલા એન્જિનિયરીંગ કોલેજ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. જી. આણંદ, ગુજરાતના સરનામે મોકલી આપે. મો. ૦૯૭૨૬૩૬૬૭૦૪

**તા.ક.** પૂરતી આર્થિક વ્યવસ્થા થાય તો પાંચ પુસ્તકો તૈયાર કરવા - ચારમાં પુસ્તિકાઓનો સંગ્રહ અને એકમાં લેખોનો સંગ્રહ - નું આયોજન છે.

# ૫. પ્રવાહ પલટતું ગુજરાત : સગવડો આપો, શહેરીકરણ તો નહીં જ!

**પર્સીસ જીનવાલા – સાગર રબારી**

વર્ષ ૨૦૧૧ના વસ્તી ગણતરી અહેવાલ અનુસાર ગુજરાતમાં શહેરીકરણનો વૃદ્ધિ દર ૨૦૦૧ના ૩૭ ટકાની સરખામણીએ ૬ ટકા વધીને ૪૩ ટકા થયો છે. આ આંકડો ગુજરાતને દેશમાં સૌથી ઝડપી શહેરીકરણ તરફ આગળ વધી રહેલા રાજ્યોની શ્રેણીમાં મૂકે છે. હાલની સરકારો અને ઉદ્યોગગૃહો શહેરીકરણને આર્થિક વૃદ્ધિદર, વિકાસ અને વધતી સમૃદ્ધિના સકારાત્મક લક્ષણ તરીકે જુએ છે.

દેશની સરખામણીમાં ગુજરાતમાં શહેરીકરણના ઊંચા દરને સરકારો વિકાસમાં ખપાવે છે. પરંતુ, વાસ્તવિકતા એથી વિપરીત છે. ગુજરાતમાં શહેરીકરણના ઊંચા દરમાં અત્યાર સુધી ત્રણ કારણોએ મુખ્ય ભાગ ભજવ્યો છે :

પહેલું છે, સરકાર મોટાં શહેરોની આસપાસના ગ્રામીણ વિસ્તારોને ઝડપથી શહેરોમાં સમાવી રહી છે. નવી નવી ટી.પી. સ્કમો અને શહેરોમાં સમાવેશને કારણે એટલો વિસ્તાર અને વસ્તી ગ્રામીણ જનસંખ્યામાંથી બાદ થાય છે અને શહેરી વિસ્તારમાં વધે છે. એટલે કે, કોઈ પણ જાતના સ્થળાંતર સિવાય, લોકોને પૂછ્યા કે વિશ્વાસમાં લીધા વગર માત્ર સરકારી જાહેરનામાંને બળે શહેરીકરણનો આંક ઊંચો લઈ જવાય છે.

બીજું, ગ્રામીણ વર્ગમાં પણ જે લોકો પ્રમાણમાં સુખી છે તેવા લોકો પરિવારની જરૂરિયાત અનુસાર, બાળકોને સારું શિક્ષણ આપી શકાય તે માટે અથવા તો ઘરના વડીલોને તાત્કાલિક અને સારી આરોગ્ય સગવડ આપી શકાય તે માટે પણ શહેરો તરફ વળ્યા છે. તો બીજી તરફ, જેમની પાસે ગામડામાં કાયમી રોજગારીની સગવડ નથી એવા લોકો નાછૂટકે રોજગારીની શોધમાં શહેરો તરફ વળ્યા છે. આ વર્ગમાં, સરકાર અને ખાનગી ઉદ્યોગો દ્વારા થઈ રહેલા જમીન સંપાદને પણ મોટો ફાળો આપ્યો છે. જમીન ગુમાવ્યા પછી ગામમાં એમને માટે કરવાનું કંઈ રહેતું નથી, આજીવિકાનાં બીજાં સાધનોનો અભાવ નડે છે તેવા સંજોગોમાં આવાં જમીનવિહોણાં બનેલાં પરિવારો પણ શહેરો તરફ વળે છે.

ત્રીજું કારણ છે તે,છેલ્લાં વર્ષોમાં ગ્રામીણ વિસ્તારની સરકાર દ્વારા વધારે પડતી ઉપેક્ષા! ૧૯૯૧ પછી, સરકારની નીતિ માત્ર અને માત્ર શહેરીકેન્દ્રી રહી છે. શહેરોને, એમાંય ખાસ કરીને, શહેરના બોલકા ઉચ્ચ અને મધ્યમ વર્ગ માટેની આંતરમાળખાકીય સુવિધાઓ અને શહેરોના સુંદરકરણ પાછળ થતા અઢળક ખર્ચની સામે ગામડામાં પાયાની પ્રાથમિક સુવિધાઓ જેવી કે, પીવાનું પાણી, આરોગ્ય સગવડ, શિક્ષણની સગવડ, સિંચાઈની સગવડ અને પરિવહન સગવડો પ્રત્યે સેવાઈ રહેલું ગણતરીપૂર્વકનું દુર્લક્ષ્ય છે. સાથે સાથે ગ્રામીણ સમાજને પૂરક રોજગારી આપતા લઘુ અને નાના ઉદ્યોગો પ્રત્યેની



સરકારની ગુનાહિત બેદરકારી, જેણે ગ્રામીણ રોજગારીમાં વધારાને બદલે ઘટાડો કર્યો! આમ સગવડો અને રોજગારના અભાવોને કારણે કઠીન બનેલા ગ્રામીણજીવનને પણ છેલ્લાં થોડાંક વર્ષોમાં ખાસ્સા મોટા વર્ગને નાછુટકે શહેરોના માર્ગે વળ્યા, એના થકી પણ ગુજરાતમાં શહેરીકરણનો આંક ઊંચો દેખાયો!

ધીરે ધીરે લોકોને સમજાયું કે, બોલકા ઉચ્ચ અને મધ્યમવર્ગ માટે સરકાર દ્વારા ઊભી કરાતી સગવડો, જેને સરકાર વિકાસ તરીકે ઓળખાવે છે, તેનાથી સામાન્યજનના જીવનમાં ઝાઝો ફેર પડતો નથી. તેથી, બીજી રીતે જોઈએ તો, હવે શહેરીકરણનો વિરોધ કરી રહેલો નવો યુવા ગ્રામીણ વર્ગ શહેરીકરણના વિરોધ થકી વિકાસના સરકારી ખ્યાલ (આભાસ)ને પણ નકારી રહ્યો છે, પડકારી રહ્યો છે અને પાછો વાળી રહ્યો છે! એની વિકાસની પોતીકી સમજણ અને વ્યાખ્યા છે, એને જે વિકાસ જોઈએ છે તેમાં, ગામડામાં તમામ સુવિધાઓ હોય, ખેતી માટે સિંચાઈ અને વેચાણ માટે બજાર હોય, ઉપજ સાચવવા ગોડાઉનો કે કોલ્ડ સ્ટોરેજ હોય, ઉપજના વ્યાજબી ભાવ હોય, પૂરક બેરોજગારીની પૂરતી તકો હોય અને શાંતિમય જીવન હોય એવો વિકાસ જોઈએ છે.

એટલે હવે, સરકારની તમામ વિષમ નીતિઓ છતાં, એક નવા પ્રકારની હવા ગ્રામીણ વિસ્તારોમાં ફેલાઈ છે તે છે શહેરીકરણનો વિરોધ. એમને ના તો શહેરી વિસ્તારોમાં સમાવું છે, ના પોતાની આજીવિકાના એક માત્ર આધાર સમાન જમીનો ગુમાવી શહેરો તરફ પ્રયાણ કરવું છે. એનાં મુખ્ય કારણોમાં છે શહેરોમાં સમાવેશને કારણે ગુમાવવી પડતી ૪૦ ટકા જેટલી ખેતીની જમીન અને પછી બાકી બચેલી ૬૦ ટકા જમીનમાં પણ શહેરીકરણને કારણે ખેતી અશક્ય બનતાં વેચવાનો વારો આવવાથી સરવાળે ખેડૂત મટી મજુર બનવા તરફ ધકેલાવું પડે છે, તે છે. ખેતી અને ગામડાંની સુવિધાઓ પ્રત્યે સરકારના તમામ દુર્લક્ષ્ય અને એને તોડી નાખવાના ગણતરીપૂર્વકના અથાગ પ્રયત્નો જેવા કે, સિંચાઈ યોજનાઓને નિષ્ફળ થવા દેવી, નહેરોના રીપેરિંગ અને બંધોના ડિસિલ્ટિંગના કામમાં ઢીલાશ, યોગ્ય સમયે ખેડૂતોને બિયારણ, ખાતર ના મળે તેની ચોકસાઈ રાખવી, ખેતઉપજ વેચવા માટે હેરાન થવું પડે, ઉપજના ટેકાના ભાવે પણ ના ઉપજે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું વગેરે. છતાં, આજીવિકાના એક માત્ર આધાર સમાન ખેતી છોડવા માટે ખેડૂતો હવે તૈયાર નથી. એટલા માટે જ, સરકાર દ્વારા પરિપત્રના બળે વધારાઈ રહેલા શહેરીકરણનો ગ્રામીણ સમાજ હવે મુખર વિરોધ કરતો થયો છે. આ નવા, પ્રમાણમાં યુવા ગ્રામીણ સમાજને શહેરોને મળતી તમામ સરકારી સગવડો ગામડામાં જોઈએ છે, સરકારની એ ફરજ પણ છે અને એટલા માટે જ તો સમાજ સરકાર બનાવે છે અને નભાવે છે. તો બીજી તરફ, એમને પોતાની આજીવિકા સમાન જમીન ગુમાવી વેઠીયા મજુર બનવું જરાય મંજુર નથી. ભૂતકાળમાં જમીન ગુમાવી વેઠીયા મજુર બનેલા લોકોના દાખલા

એમને પોતાનું ભાવિ સલામત રાખવાની શીખ આપે છે.

આનાં તાજાં ઉદાહરણો જોઈએ તો, ગુજરાત સરકારે પરિપત્રને જોરે કરવા ધારેલા શહેરીકરણનો આ સમાજે સફળતાપૂર્વક સામનો કરી સરકારને પીછેહઠ કરાવી છે અને પોતાના ગ્રામીણ સ્વરૂપે જાળવી રાખ્યું છે. આવા વિસ્તારોમાં, (૧) સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી - SUDA માં સમાવાયેલાં ૧૦૧ ગામો, (૨) હિંમતનગર - HUDA માં સમાવાયેલાં ૮ ગામો, (૩) જુનાગઢ JUDA માં સમાવાયેલાં ૪૪ ગામો, (૪) મોરબી-વાંકાનેર MVUDA માં સમાવાયેલાં ૩૪ ગામો, (૫) નવસારી - NUDA માં સમાવાયેલં ૯૨ ગામો અને (૬) બારડોલી - BUDA માં સમાવાયેલાં ૩૪ ગામો.

એવી જ રીતે, નવી ફેશન મુજબ બનનારાં સ્માર્ટ સીટી (હોંશિયાર શહેર, કુલ ૯૨૦ ચો.કિમી. એટલે કે ૯૨૦૦૦ હેકટર વિસ્તાર)નો પણ ગુજરાતમાં વિરોધ થઈ રહ્યો છે. ધોલેરા એસ.આઈ.આર. અને ધોલેરા સ્માર્ટ સીટી અંતર્ગત ૨૨ ગામોનો ભોગ લેવાનું સરકારે જાહેર તો કરી દીધું, પરંતુ લોકોને પૂછ્યાગાછ્યા વિના બારોબાર કરાયેલી સરકારી જાહેરાત ત્યાંના ૨૨ ગામોના ખેડૂતોને હરગીજ મંજુર નથી. કારણ એમાં ભોગ તો એમની ૫૦ ટકા જમીનનો લેવાનો છે અને બોલકા ઉચ્ચમધ્યમ વર્ગ માટે કરાતા વિકાસનાં કોઈ ફળ એમનાં સુધી પહોંચવાના નથી!

સરકાર પ્રેરીત શહેરીકરણ સામે ઊભા થયેલા વિરોધનું બીજું પણ કારણ છે કે, સરકાર માત્ર પરિપત્રમાં વિશ્વાસ રાખે છે, લોકોના અભિપ્રાય પર નહીં! શહેરીકરણના કોઈ પણ નિર્ણય પર પહોંચતા પહેલાં અસરગ્રસ્ત બનનારાં ગામોના લોકો સાથે સરકાર કે એના પ્રતિનિધિઓ વાત કરતા નથી. એમને સાચી હકીકતોથી અવગત કરતા નથી. અત્યાર સુધીમાં એમને અદશ્ય વિકાસ, શિક્ષણ, આરોગ્ય, રસ્તા, ગટર, લાઈટ વગેરેનાં ગાજર દેખાડ્યાં કર્યા છે. હવે તો એમાં પણ લોકોને વિશ્વાસ રહ્યો નથી. કારણ, અગાઉ જે ગામો શહેરીકરણનો ભોગ બન્યા એ બધાએ પોતાની જમીન અને રોજગારી તો ગુમાવી પરંતુ સગવડોનાં જે ગાજર લટકાવાયાં હતાં એ મોટા ભાગનાં ગામોને હજી મળ્યાં નથી! તો બીજી તરફ, વધતા જતા શિક્ષણને કારણે ગ્રામીણ સમાજમાં એટલી જાગૃતિ તો આવતી જાય છે કે સગવડો મેળવવા માટે શહેરોમાં જઈને વસવું પડે એ જરૂરી નથી, સરકાર એ સગવડો આપવા બંધાયેલી છે અને એટલા વાસ્તે જ સરકાર બનાવીએ અને ચલાવીએ છીએ. ગુજરાતમાં શરૂ થયેલો આ નવો પ્રવાહ એના શહેરીકરણના ઊંચા દરને કેટલી હદે બ્રેક મારી શકશે એ સવાલ ચોક્કસ છે. પરંતુ, સાથે સાથે વધતી જાગૃતિ શહેરીકરણના પ્રવાહની સાથે સાથે રાજકારણના પ્રવાહોને કેટલા અંશે નાથી શકશે એ જોવું રસપ્રદ રહેશે.

('નયામાર્ગ'માંથી સાભાર)



## સંવાદ

# ૧. સ્માર્ટ સીટી

**દીપક વી. નાકરાણી**

સ્માર્ટ સીટી વિશે લખવું એટલે આજના દિવસોમાં એક આખેઆખી વિચારધારાને મૂલવવાની કુચેષ્ટા કરવા જેવું થશે. અન્યના વિચાર, માન્યતા, મત, અભિપ્રાયને જરાયે સહન ન કરવાનો આ માહોલ જ્યારે અતિ સુવ્યવસ્થિત રીતે ઊભો કરવામાં આવેલ છે ત્યારે કંઈ ખુલ્લંખુલ્લા લખવું-બોલવું એ સાહસ ગણાશે. ભક્તો અને પ્રતિભક્તોની ઉન્માદી અથડામણમાં હાલ, સત્ય શું કે અસત્ય શું, જરૂરી શું કે બિનજરૂરી શું, પાયાની ચીજ કઈ અને ભ્રમિત-મોહિત કરનાર આકાશી ચીજ કઈ છે, આનાં વિશે વિચારીને કશુક કહેનાર આજે મૂર્ખ, વિકાસવિરોધી, વેદિયો, નકારાત્મક કે પછી દેશદ્રોહી પણ ગણાય જાય તો નવાઈ નહીં! આવી જ રીતે ધર્મ વિશે જરા પણ સમજણ-વિવેક દાખવીને વાત કરી તો તમે ધર્મનાં દુશ્મન જ ગણાવા માંડશો. આ એક એવું વાતાવરણ છે જ્યાં પોતાના ફળિયાની કોઈને પડી નથી અને વિશ્વની સફાઈ કરવા સૌ નીકળી પડ્યા છે. આવા માહોલમાં સ્માર્ટસિટી જેવા અગણિત હવાઈકિલ્લાઓ પેદા થતા હોય છે અને વિચાર અંધતાની તેમજ પ્રાથમિકતાને કોરાણે મૂકવાની આ મૂર્ખતાપૂર્ણ આંધીમાં પોષાઈને ચોતરફ છવાઈ જતાં હોય છે.

પોતાની બદબૂ પોતાને અનુભવાતી નથી, પોતાના શેરી-ગામ-શહેરની સમસ્યા ઉકેલવામાં જેને રસ નથી એવા માણસો જ્યારે દેશની કાયાપલટ કરીને એવા જ ભ્રમિત સિંગાપોર બનાવવાની વાતો કરવા માંડે ત્યારે શું થાય? ત્યારે પાયાનું અને જરૂરી કામ કરવાનું દિવસે દિવસે અઘરું થતું જાય. પ્રજા નાગરિક તરીકેનું ઘડતર પામવાનું ચૂકી જઈને ટોળાના ન્યાયમાં જીવવા ટેવાઈ જાય. નાગરિકતા સ્વયં જવાબદારી છે. સાચા નાગરિક ઘડાવા માંડે તો કહેવાતા આગેવાનો ક્યાં જાય? તેઓ શું કરે? સત્તાકારણીઓ જ નહીં પણ હવે તો સરકારી અધિકારીઓ અને ધર્મનેતાઓની રોજનીશી જુઓ! તેઓ આખો દિવસ શું કરે છે? ઉદ્‌ઘાટનો, મેળાવડાઓ, સમારંભો, ખાતમુહૂર્તો, લોકાપર્ણો, ઈનામવિતરણો, રેલીઓ અને આવા તો અગણિત ક્ષુલ્લક કાર્યક્રમોમાં હાજરી આપવી એ જ એની જનતા ઉપરની કૃપા! આખા રાષ્ટ્રનો સમય, શક્તિ અને સંપત્તિ આની પાછળ ખુવારી થાય છે.

આવા જમાનામાં એક એવો વર્ગ ઊભો થયો છે જે બોલકો છે અને જાણે એ જ આખો દેશ છે! આ વર્ગ પાયાની સમસ્યાઓ જ નથી અને હોય તો તે જોવાની તેની

પાસે દૃષ્ટિ નથી, તેઓ સ્વપ્નાઓમાં જીવે છે અને પોતાની માન્યતાઓ, વ્યાખ્યાઓ, ભવિષ્યનાં વિચારો બીજા કરોડો કે જેઓ બેકાર, ગરીબ, બિમાર, બેઘર, અશિક્ષિત અને રાંક છે તેના ઉપર થોપી રહ્યો છે. કરોડોની જરૂરિયાતોને સિફતતાપૂર્વક ભૂલાવી દેવાની કોશિશો પ્રચારમાધ્યમોની બધી કળાઓનો બેફામ ઉપયોગ કરીને થઈ રહી છે.

વેપારી કંપનીઓ પોતાની સ્વાર્થી કમાણી માટે યોજનાઓ ઘડીને સરકારી વિકાસ નકશામાં તેનો સમાવેશ કરાવે છે અને અધિકારીઓ પોતાની રીતે તેનો અમલ કરે છે. આ બધું લોકોની સુખાકારીના ઓઠાં હેઠળ થાય છે. પ્રજાની સ્થિતિ શું છે,તે શું ઈચ્છે છે, તેનું કોણ પૂછે છે?! સુરાજ્ય કે સ્માર્ટ સીટી ત્યારે કહેવાશે કે સામાન્ય પ્રજાને સરકારી દવાખાનામાં ઉત્તમ સારવાર, સરકારી શિક્ષણ સંસ્થાઓમાં ઉત્તમ શિક્ષણ અને આરોગ્યમય પર્યાવરણમાં શુદ્ધ ખોરાકપાણી મળી રહે, રહેવા માટે વ્યાજબી મકાન બાંધી શકે ને ગૌરવભેર રોજીરોટી રળી શકે, તે પોલીસથી ડરે નહીં પણ બેધડકપણે તેની મદદ લઈ શકે, ઓફિસોમાં સાહેબો તેને લાચર ન બનાવી રાખે પણ તેની સેવા માટે તત્પર હોય.

આજે ભ્રમ ફેલાવનારી તોતિંગ યોજનાઓ ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ દ્વારા રાષ્ટ્રના નાણા ચાવી જાય છે. આંકડાઓની માયાજાળો! આટલા કરોડો ફાળવાયા, આટલા કરોડો વપરાયા, આટલા કરોડો વપરાશે. યોજના ઘડવી સહેલી છે અને કરોડો વાપરી નાખવા સહેલા છે. એ વપરાશ જ સ્તો કરોડરજ્જુ છે કહેવાતા પ્રજાસેવક નેતાઓ-અધિકારીઓની ફાઈવસ્ટાર જીવનશૈલીની! એમાંથી જ નીકળે છે તકલાદી પૂલો, રસ્તાઓ, ગટરો, સરકારી આવાસો. પર્યાવરણનું નિકંદન કાઢી નાંખીને પણ આ ભ્રષ્ટાચારી તંત્ર સામાન્ય સગવડ ઊભી કરી શકનાર નથી. કરોડો ફાળવવાથી સીટી સ્માર્ટ થતા નથી. રાજકારણીઓ ઈચ્છે તો પણ આ ન કરી શકે. કેમ કે તેઓ સત્તા અને સંપત્તિ માટે ત્યાં કોઈ પણ ભોગે જાય છે, હેતુ બદલાય તો સુરાજ્ય સ્વયં પેદા થશે. તેનાં ઢોલ પીટવા નહીં પડે.

રાજકીય પક્ષો લોકોની સેવા અને ઉદ્ધારની વાતો કરે છે પણ તેના કાર્યક્રમો જુઓ -- ચૂંટણી કેમ જીતવી, સત્તા કેમ મેળવવી તથા ટકાવી રાખવી તેની જ ફિકરમાં તે બધું કરતા હોય છે અને એ માટે તે ગમે તેવા રાક્ષસીકૃત્યો આચરતા હોય છે. આમપ્રજાનું ઘડતર વર્ષોની તપસ્યા માગી લે છે અને એ કામમાં વિલાસી-મનોરંજક કાર્યક્રમો નથી, એટલે નેતાઓ પ્રજાની હલકી-નબળી વૃત્તિઓ-લાગણીઓને બહેકાવે છે, જરૂર પડે છાવરે છે, ઉશ્કેરે છે અને તેનો ગેરલાભ ઉઠાવીને પોતાની હલકટ પ્રવૃત્તિઓમાં પ્રજાને પણ સંડોવે છે અને આથી પ્રજા પણ તેનાં કડવાં ફળ મેળવે છે અને નેતાઓ ઉદ્ધારક કહેવાઈ જાય છે.

(જ્ઞાનમંજરી વિદ્યાપીઠ, કાળવી બીડ, ભાવનગર-૩૬૪૦૦૨)



## કવિતા

### જંગલની મંજરી

મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો
એની મંજરીને રામ રામ કે'જો!
એનાં મીઠાં ઓવારણાં લેજો.
ઊંચા સિમેન્ટના ડુંગરની ધારે ને
કાળા ડામરની તળેટીએ,
જંગલની મંજરી આ આવી ચડી છે અહીં
પાણા તે ફોડવાને પેટિયે,
ઊઘડતી આંખ એની બિડાતી જાય તો
અમરતનાં છાંટણાં દેજો!
ભમરાનો ઘેરો ગુંજાર નથી ઘેરતો ને
કોયલની કૂક નથી ઘેલી,
ભૂંગળાના ઘોંઘોંમાં હરખાતો જાય અહીં
ભોંયતેલ વેચતો તેલી,
ઝેરી ધુમાડામાં મંજરીના મુખ પરે
ઝરણું બનીને કોઈ વ્હેજો!
કયા રે જનમનાં પાપ આજ પાંગર્યાં ને
પથ્થર બનવાની આવી વેળા,
આના કરતાં તો ભલી જંગલની ઝાળ,
ભલે અંગ અંગ ઊઠતા ઝળેળા,
મુંબઈ નગરીમાં આજ છડેચોક ઊડે છે,
રાન રાન છોરીનો રેજો.

**— મકરંદ દવે**



ચિત્રકાર : દિનેશ કૌશિક

## આ શ્હેર ...



આ શ્હેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં,
આ ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહીં.

આ સંકેતો, આ અફવાઓ, આ સંદર્ભો, આ ઘટનાઓ,
આખેઆખો નકશો ક્યારે બદલાવી દે, કહેવાય નહીં.

ઘરને ઘર કહીએ તો આ ઘર એક લૂનો ચોરસ દરિયો છે,
ભરતી છે : દરિયો શું શું નહીં ડુબાવી દે, કહેવાય નહીં.

સપનાનાં છટકરસ્તે અહીંથી ભાગી નીકળે છે આંખો, પણ
પાંપણનું ખૂલી પડવું પાછી સપડાવી દે, કહેવાય નહીં.

દશ્યો-દશ્યો જંગલ-જંગલ ચશ્માં-ચશ્માં ધુમ્મસ-ધુમ્મસ,
રસ્તા-રસ્તા પગલું પગલું ભટકાવી દે, કહેવાય નહીં.

ટાવર ધબકે, રસ્તા ધબકે, અરધો-પરધો માણસ ધબકે,
કોનો ધબકારો કોણ અહીં અટકાવી દે, કહેવાય નહીં.

## EPIDEMIC



જોયું ને ઊઠ્યો ને ચોંક્યો ને કૂદ્યો ને નાઠો રે નાઠો,
મારામાંથી એક મારો જ ભયભીત ફાંટો રે ફાંટો
આતંક આતંક ઘરમાં ગલીમાં ને આખા નગરમાં
વળી આંખની સાથે આંખોમાં આંખોની ગાંઠો રે ગાંઠો
તરસમાં બધા હાથ રઘવાતા રઘવાતા રઘવાઈ બેઠા
હથેળીમાં વીરડાઓ ગાળ્યા, નથી જળનો છાંટો રે છાંટો
અને ઘાવ પ્રસર્યા વિચારોમાં એવી તો કરપીણ ઝડપે
ન શ્રદ્ધા, ન પીડા, ન મૃત્યુ, ન ઔષધ, ન પાટો રે પાટો
હજુ ઘેનમાં લંગડા લંગડા શ્વાસ લવક્યા કરે છે
આ ચહેરાના જંગલમાં વાગ્યો'તો સોનેરી કાંટો રે કાંટો
થયો છે કચરઘાણ કેવો અકસ્માત હરએક જણમાં
છે સૌ પાસે પોતાનું ગંધાતું શબ : કોઈ દાટો રે દાટો

રમેશ પારેખ - 'ખડિંગ'માંથી



# ૨. સ્માર્ટ વિલેજના સ્માર્ટ સરપંચો

**ડૉ. અરુણ દવે**

સરકાર બદલાય એટલે આવેલ નવી સરકાર નવી યોજનાઓ અમલમાં મૂકે. જૂની સારી - સક્ષમ યોજના હોય તો પણ તેમને નવી યોજનાઓમાં જ વિશેષ ફાયદો જણાય. હમણાં સરકાર 'સ્માર્ટ' શબ્દનો ઉપયોગ કરીને નવા રવાડે ચડી છે. વ્યક્તિઓને નહીં, સાધન-સામગ્રી અને વસાહતોના એકમને સ્માર્ટ કરવાની યોજના છે. આમ તો આ વિચાર-આયોજન અધ્યાત્મિક ક્ષેત્રની બહુ જ ઉચ્ચ કક્ષાની ઉપલબ્ધિ ગણાય. વૈજ્ઞાનિકોએ સમજાવેલું છે કે જેને આપણે જડ-નિર્જીવ કહીએ છીએ તેમાં પણ સંવેદના અને સ્મૃતિ રહેલં છે પરંતુ તેમાં ચેતનાનો અભાવ હોવાથી તેઓ અભિવ્યક્ત થઈ શકતા નથી. સરકારે આ અભિવ્યક્તિ પદાધિકારીશ્રીઓને સોંપીને શહેરો અને ગામડાઓને 'સ્માર્ટ' કરવા નવો ખેલ નાખ્યો છે.

મારે ભાવનગર જિલ્લાના પસંદગીના પચાસેક સરપંચો અને મંત્રીઓનો ઈન્ટરવ્યૂ લેવા જવાનું થયું. તેમને એક માસથી સંબંધિતોએ 'સ્માર્ટ' કરવા પ્રયત્ન કરેલો પણ તેઓ 'સમારટ' થઈને આવેલા. પ્રથમ તો એક અનુભવ એ થયો કે પચ્ચીસ વર્ષથી લઈને ચાલીસ વર્ષથી સરપંચપણું ભોગવતા ઘણા સ્માર્ટ સરપંચોનો પરિચય થયો. નામ પત્નિ, દીકરી કે પુત્રવધુનું હોય કે પછી નાછૂટકે અન્યનું. પણ તમામ વહીવટ તો સ્માર્ટ સરપંચ હસ્તક જ હોય. ''અમારે ગામને 'સમારટ' કરવું છે'' એ પ્રધાનસૂર હતો. ગોકુળિયું ગ્રામ યોજનાનું શું થયું? તો કહે કે 'તેના કરતાં આમાં રકમ ઝાઝી છે!''

અમને સૂચના એવી હતી કે ''તેમને તેમનાં ગામના ભાવિ વિઝન વિષે અને તે સંદર્ભના પ્લાનિંગ વિષે પૂછવું''. આ 'વિઝન' શબ્દનો અર્થ કેટલા તલાટી-મંત્રી-ટીડીઓ જાણતા હશે તે તો રામ (મોદી) જાણે પણ સરપંચો ભારે ઉત્સાહમાં હતાં.

''સરપંચ સાહેબ, શું યોજના વિચારો છો? ખર્ચો ક્યાં-શેમાં અને કેમ કરવો છે!'' બસ બધાનો એક જ જવાબ હતો ''બ્લોક નાખવા છે, ગટરું કરવી છે અને ચારેકોર લાઈટું નાખીને ગામને ઝગમગાવી દેવું છે.''

''ભલા માણસ, આ માટે તો અલગ યોજનાઓ છે અને વર્ષોથી અમલમાં છે, આ તો 'સ્માર્ટ-વિલેજ' યોજના છે'' આવું અમારા તરફથી સમજાવવાનું ચાલુ રહ્યું. સવારથી સાંજ ચાલેલા આ ઈન્ટરવ્યૂએ મારી જબરી કેળવણી કરી.

અંતે મેં ડી.ડી.ઓ. સાહેબને સમજાવ્યું કે આવું ન ચાલે. આ બધાની અભિમુખતા શિબિર કરવી જોઈએ અને પછી આગળ વધાય. તેમણે સહજ રીતે કહ્યું કે, ''એ કર્યા પછી આ સરપંચો આટલું બોલતા થયા છે!'' મેં તૈયારી બતાવી અને ડી.ડી.ઓ. સાહેબે મંજુર કરી. આ બધાની એક દિવસની શિબિર લોકભારતીમાં ગોઠવી. તમામ ટી.ડી.ઓ., તલાટીઓ, મંત્રીઓ અને સરપંચો લોકભારતી આવ્યાં.

સ્થાયી વિકાસની વિભાવના ખૂબ જ સરળ લોકાભિમુખ શૈલીમાં દૃષ્ટાંતો દ્વારા સમજાવી. 'સ્માર્ટ', 'વિલેજ', 'વિઝન' - વગેરેના કાઠિયાવાડી અર્થો સર્વેને સમજાવ્યા.

અંતમાં હળવાશથી સમજાવ્યું કે હવે તમે ગાંધીનગર જવાના છો. ત્યારે જો કોઈ બ્લોક, ગટર, લાઈટ ... વગેરે માંગો તો તમારી માના સમ છે!! તમારે એ વિચારવાનું છે કે હવે પછી તમારા ગામનો કોઈ યુવાન સુરત જવો ન જોઈએ. કોઈ ગામ છોડે નહીં એ માટે શું કરવું? ગામ શા માટે છોડે છે? આટલું સમજ્યા પછી જ્યારે કોઈ ગામનો રહેવાસી પોતાનું ગામ ન છોડે તેવું ગામ તમે બનાવી શકશો ત્યારે એ એ સાચું 'સ્માર્ટ વિલેજ' કહેવાશે.

મારી મહેનતના પરિણામ વિશે જાણી શક્યો નથી પણ મેં મારી ફરજ તન-મન-ધનથી બજાવીને ધન્યતા અનુભવી. હું પણ થોડોક 'સ્માર્ટ' બન્યો.

(લોકભારતી, સણોસરા)

## ૩. શહેરની જરૂરિયાત - સમજદાર નાગરિક

### હર્ષદા કુંભકર્ણ

કેન્દ્ર સરકારના નિર્ણય મુજબ મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોના શહેરો સ્માર્ટ સિટી તરીકે ઓળખવામાં આવશે. જેમાં વાઈફાઈ, સિક્સ લેન રસ્તા, મસમોટા શોપિંગ મોલ, મોટા સિનેમાઘર, અદ્‌ભુત માળખાકીય સુવિધાઓ ધરાવતી સ્કૂલ-કોલેજો, એકદમ સ્વચ્છ રહેણાંક વિસ્તારો અને હોસ્પિટલ જેવી ઘણી બાબતો સ્માર્ટ સિટીના બહાને થશે. આ બધું સાંભળીને ઘણું સારું લાગે છે. આ પ્રકારના સુંદર અને વિકસિત શહેરો તો પર્યટન માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. મહારાષ્ટ્રમાં મુંબઈ, નાગપુરની સાથે મારું શહેર નાસિક પણ તેમાં સામેલ છે. આ શહેરોમાં રહેનારા લોકો માટે જાણે સ્વર્ગ જાતે જમીન પર ઉતરી આવવાનું છે. આ તમામ સુવિધાઓ આપણને પૂરી પાડવામાં આવશે. તેના માટે થનારો ખર્ચ આપણા દ્વારા ભરવામાં આવેલા ટેક્સમાંથી નીકળશે. આ સ્થિતિમાં આપણે જાતને સવાલ પૂછવા જેવો છે કે શું ખરેખર સ્માર્ટ સિટીના નામે આટલું બધું કરવાની જરૂર છે ખરી?

અંગ્રેજીના 'સ્માર્ટ' શબ્દનો જુદા જુદા સંદર્ભમાં અલગ અલગ ઉપયોગ થતો હોય છે. સવાલ એ છે કે શું અત્યાધુનિક સુવિધાઓ દ્વારા જ શહેરોને સ્માર્ટ બનાવી શકાય છે? સવાલ એ પણ છે કે શું આ શહેરોમાં મૂળભૂત સુવિધાઓ છે? શું નાગરિકો તેનો ફાયદો લઈ શકે છે? જેમ છેલ્લા કેટલાંક વર્ષોમાં મોટી સંખ્યામાં એન્જિનિયરિંગ કોલેજો ખુલી છે પણ શું ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપે એવી સુવિધાઓ છે? સારા બિલ્ડિંગો, સારી સુવિધાઓથી કોઈ મોટી કોલેજ બનાવે છે કે પછી સારા સ્ટાફ અને એડવાન્સ ટીચરો દ્વારા સારી શૈક્ષણિક સંસ્થા બને છે?

આ તો માત્ર શિક્ષણ ક્ષેત્રની જ વાત છે. એવી અનેક મૂળભૂત સેવાઓ છે જેમાં યોગ્ય પાસાઓ પર ભાર મૂકવામાં આવે એવી અત્યંત જરૂર છે. ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવામાં આવે તો સિક્સ લેન રસ્તાઓ હોવાનો શું ફાયદો છે?

જે દેશમાં પીવાના પાણીની પરબ પર ગ્લાસ બાંધીને રાખવો પડે ત્યાં આ પ્રકારની સુવિધાઓ ક્યાં સુધી ટકશે? કહી શકાય નહીં. સાચી વાત તો એ છે કે સામાજિક ચેતના ધરાવતા સમજદાર અને જાગ્રત નાગરિકો હશે તો શહેરો એની મેળે સ્માર્ટ બની જશે. ત્યારે આ સુવિધાઓનો યોગ્ય ઢબે ઉપયોગ થઈ શકશે.

('દિવ્ય ભાસ્કર'માંથી)

(૨૦, એનજીએમવીપી એન્જિનિયરીંગ કોલેજ, નાસિક)

## ૪.સ્માર્ટ સીટી

### મુનિ દવે

સ્માર્ટ સીટીનો ખ્યાલ ખૂબ આકર્ષક છે. જાણે સ્વર્ગ ઢુકડું લાગે છે. આપણને સુખી માણસોને તો આ બધુ બહુ ગમે તે સ્વાભાવિક છે. પણ થોડુંક વિચારતા ગૂંચવણો ઊભી થાય છે. કેટલાક પ્રશ્નો પણ થાય છે, જેના જવાબો જડતા નથી.

હમણા જોયેલી નવી ગુજરાતી ફિલ્મમાં એક સંવાદ છે. (અલબત્ત, સંદર્ભ વિના બોલાયેલો) ''અમારે 'સ્માર્ટ સિટી' નહિ, 'સેન્સિબલ સિટી' જોઈએ છે.''

વિજ્ઞાન કહે છે કે માણસની માનસિક સ્વસ્થતાનો આધાર વસ્તીની ગીચતા પર છે. ઉપરાંત તે જેટલો પ્રકૃતિથી દૂર થતો જશે તેટલો તેનો માનસિક તનાવ વધતો જશે. આજે આપણે આની અસરો બધે જ જોઈએ છીએ. વિવિધ સમુદાયો રસ્તા પર ઉતરી આવ્યા છે. આપઘાતના બનાવો વધતા જાય છે. આપણા યુવાનો દેશ છોડીને પરદેશમાં રહેવાનું વધારે પસંદ કરે છે. આપણા પહોળા થતા રસ્તાઓ, ઊંચા થતા જતા મકાનો, ફેલાતા ફલાય ઓવરો જમીન અને આકાશને ઘેરતા જ જાય છે. શહેરમાં ખુલ્લી જગ્યાઓ ભાગ્યે જ જોવા મળે છે. વૃક્ષો વિકાસને નામે કપાતા જાય છે.

ગામડાઓની જમીનો ખરીદી ત્યાંના લોકોની રોજી છીનવીને આપણે જ તેમને શહેર તરફ નથી ધકેલી રહ્યા? ગામડાંઓને ધરાર શહેરમાં ભેળવીને ગાયો રસ્તા પર કેમ બેસે છે તેની બૂમો પાડવી છે.

સ્માર્ટ સીટી અંતર્ગત શહેરીજનો પાસેથી કેટલીક સામાજિક શિસ્તનો અને અધિકારીઓ પાસેથી નિયમો પાળવાનો કડક આગ્રહ રાખી શકાય?

આપણને બધાને ઝડપ, વધુ ઝડપનો રોગ લાગુ પડ્યો છે. વાહનો ચલાવવામાં, પૈસા કમાવામાં, વસ્તુઓ વસાવવામાં બધે ઝડપ જોઈએ છે. બધાને બીજાથી આગળ થઈ જવું છે. તેની સામે નિર્ણયો લેવામાં અને તેનો અમલ કરવામાં ગોકળગાય આપણો આદર્શ બની ગઈ છે.

રૂ. ૭૫૦ કરોડ ખર્ચીને સરખેજ ગાંધીનગરનો છ લેનવાળો, ક્યાંય રોકાવું ન પડે તેવો રસ્તો બાંધવો છે પણ વરસાદનું પાણી ના ભરાય તેવી વ્યવસ્થા નથી કરવી. ક્યારેક શંકા જાય છે કે આપણને વધુ ને વધુ મોંઘા પ્રોજેક્ટસ્ ચાલુ કરવામાં રસ છે કે દરેક સ્તરના લોકોનું જીવન સ્તર સુધારવામાં?

સરકારી નિયમો હોવા છતાં કેમ અનેક નવા વ્યવસાયિક મકાનો પાર્કીંગ વગર બને છે? કેમ ઘણા બધા વ્યવસાયિક મકાનોના પાર્કીંગ બંધ પડ્યા છે છતાં કોર્પોરેશન તેના પર ફરજ નથી પાડતી? શા માટે શહેરમાં દર એક-બે કિલોમીટરે સુઘડ શૌચાલયની વ્યવસ્થા ના હોય?

છેલ્લા દસ વર્ષોમાં મુંબઈ, શ્રીનગર, ચેન્નાઈ, ઉત્તરાખંડ કે હાલનું ગુડગાંવનું જળસંકટ ટેકનોલોજીનો ઉપયોગ ન કરવાને કારણે હતું કે આપણા હાથવગા જ્ઞાનનો સ્વાર્થવશ ધરાર ઉપયોગ ન કરવાના વલણને કારણે હતું? કે આપણે કરવાના કામો ના કર્યા તેને કારણે હતું? આટલા અનુભવ બાદ રાષ્ટ્રીય સ્તરે નગર આયોજનના ભાગરૂપે ફરજિયાત કરવાના કામોની કોઈ યાદી તૈયાર થઈ? પૈસા ખર્ચવાથી ટેકનોલોજી આવશે પણ તેના ઉપયોગની સમજણ પૈસા ખર્ચવાથી આવશે?

શા માટે દરેક ચાર રસ્તે સીસી ટી.વી. કેમેરા ના મૂકીએ કે જેથી નિયમ તોડતા વાહનચાલકોને આસાનીથી પકડી શકાય? શા માટે એક્સપ્રેસ હાઈવે પર બેક લાઈટ વગરના વાહનોને પ્રવેશ મળે? ત્યાં અનેક વાહનો નિર્ધારિત સ્પિડ લિમિટ કરતાં ઘણી વધારે સ્પિડમાં ખોટી રીતે ઓવર ટેઈક કરીને પોતાનો અને અન્યનો જાન જોખમમાં મૂકતા હોય તેને કેમ નિયંત્રિત ના કરી શકાય?

સ્માર્ટ સીટી જો આ બધું કરી શકે તો વિકાસ થયો કહેવાય.

## ૫. મારા શહેર વિષેની મારી કલ્પના

**મનોજ શુકલ**

મારા શહેરમાં આવું આવું હોય તો ગમે :

- ખૂબ વૃક્ષો હોય, વિવિધ આકારના, ફૂલોના એવા વૃક્ષો પસંદ થાય જેમાં દરેક માસે વિવિધ વૃક્ષોમાં ફૂલો દેખાયા કરે - ગુલમહોર, ગરમાળો, કેશીયા, શેમળો, કેસુડો, બુચ, શિરીષ, સોનમહોર વિગેરે.



- એકાદ બે કિમી. ચાલવાથી હું બગીચામાં પહોંચી શકું, જેમાં ઘટાટોપ ઝાડો હોય, જંગલ જેવું લાગે.
- રસ્તાઓ ખુલ્લા હોય, પહોળા હોય, તેમાં ચાલીને જવાની સગવડતા હોય. તે જાહેરાતોના પાટીયાઓથી મુક્ત હોય. તેની સ્ટ્રીટ લાઈટો પૂનમના દિવસો દરમ્યાન રાત્રે થોડા કલાક બંધ રહે જેથી આકાશને જોઈ શકાય. ચાંદનીને માણી શકાય.
- ફરજિયાતપણે દરેક સોસાયટી કે બહુમાળી મકાનને પોતાની સોલાર પેનલોથી ઉત્પન્ન થતી ઊર્જા મળતી હોય જેના દ્વારા પોતાની જરૂરિયાતની ૩૦% ઊર્જા મેળવી શકે.
- ફરજિયાતપણે દરેક સોસાયટી અને બહુમાળી મકાનને પોતાના વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ હોય જેમાં પોતાનું વાપરેલું પાણી શુદ્ધ થઈને સાફ-સફાઈ અને બગીચા માટે વાપરી શકાય. આ સાથે વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા હોય.
- જાહેર રસ્તાઓ પર કોઈ પણ પ્રકારના - લગ્નના, દેવી દેવતાઓના કે સાધુ સંતોના વરઘોડા કાઢવાની મનાઈ હોય, ખુલ્લી જગ્યાઓમાં માઈક વાપરીને અવાજનું પ્રદૂષણ કરવાની મનાઈ હોય. તે માટે બંધ હોલ હોવો ફરજિયાત હોય.
- જાહેર રસ્તાઓ પર કોઈ પણ પ્રકારનો કચરો નાખવાની મનાઈ હોય. ઘરના, ઓફિસના કચરા પર વજન મુજબ પૈસા આપવા પડે.
- શહેરની બહાર કચરાના ડુંગરો ના થાય.
- દરેક વિસ્તારોમાં વાહનોના પાર્કિંગની સગવડતા હોય. રસ્તા પર વાહનોના ચાલકોને ઉતાવળ ના હોય. ચાર રસ્તા પર સિગ્નલ મુજબ ઊભા રહેવાની ધીરજ હોય. હોર્ન વગાડવા પર દંડ થાય.
- રિક્ષા, બસ, ટેક્ષી જેવા વ્યાવસાયિક વાહનો અને લકઝરી વાહનના ચાલકો (ઓડી, મર્સિડિસ) જો શિસ્ત તોડે તો આકરો દંડ ભરે.
- નિયમ તોડનારા ટેકનોલોજીની મદદથી પકડાય, સામાન્ય પોલીસ દ્વારા નહિ.
- વરસાદ દરમ્યાન કોઈ રસ્તા પર કે ગરનાળામાં પાણી ના ભરાય.
- રસ્તાની સફાઈ રાત્રે થાય જ્યારે રસ્તા પર અવરજવર ઓછી હોય. રસ્તો ખોદવાનું કામ શક્ય તેટલા ટૂંક સમયમાં પૂરું થાય અને પછી તરત રિસર્ફેસીંગ થઈ જાય. તેના છ મહિના સુધી એ રસ્તા પર ફરી કોઈ અન્ય કામ ના થાય.
- દરેક મહોલ્લાના લોકો પોતાના વિસ્તારના પોલિસ ઈન્સ્પેક્ટર, મ્યુ. કાઉન્સેલર, ધારાસભ્ય, સુધરાઈના અધિકારીને ઓળખતા હોય અને તેમનો સહજ સંપર્ક કરી શકતા હોય.
- દરેક ખાલી પ્લોટ્સને સમથળ અને ચોખ્ખો રાખવાની, તેમાં કચરો એકઠો ના થાય, તેમાં પાણી ન ભરાય તે જવાબદારી જે તે પ્લોટ માલિકની. જો તે જવાબદારી ઉપાડી શકે તેમ ન હોય તો કોર્પોરેશનને સોંપી દે. જે તેને પાર્કિંગ સ્થળ તરીકે ઉપયોગ કરે અથવા ત્યાં બગીચો બનાવે અને પૈસા કમાય.

- જાહેર રસ્તા પર કે જાહેર મિલકતોને નુકસાન કરનારને (રાજકીય પક્ષો, સંગઠનો, એસોસિએશનો) આર્થિક વળતર ચૂકવવું પડે.
- સરકારી કે ખાનગી કંપનીઓ જે ટેકનોલોજીના સાધનો જાહેર ઉપયોગ માટે મૂકે તેની યોગ્ય જાળવણી સતત થવી જોઈએ. (દા.ત. BRTS ના ઘણા બસ સ્ટેન્ડ પર બસ ક્યારે આવશે તેનું ડિસ્પ્લે બંધ થઈ ગયું છે. ઘણી બસોમાં કયું સ્ટેશન આવશે તેનું એનાઉન્સમેન્ટ બંધ થઈ ગયું છે. વોલ્વો બસોમાં Free WIFI ની જાહેરાત છે પણ તે ચાલતા નથી.)
- જેને ટેકનોલોજીનો ઉપયોગ કરતા ના આવડતો હોય તેમને પણ પૂરતી સેવા વિના મૂલ્યે મળવી જોઈએ.

---

## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | લાવણ્યા(મૂ.લે.રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦/- |
| ૦૩ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૪ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૫ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫/- |
| ૦૬ | અલબેલી | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૩૦/- |
| ૦૭ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૮ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૯ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫/- |
| ૧૦ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૧૧ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૧૨ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૧૩ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૧૪ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૫ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૬ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૭ | આયુર્વેદના પાયા | બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫/- |
| ૧૮ | ''હા'' કે ''ના'' | અનુવાદક : દર્શા કીકાણી | રૂા. ૩૫/- |
| ૧૯. | મૃત્યુ પછી આત્માની સ્થિતિ | અનુ. કરસનભાઈ પટેલ | રૂા. ૩૫/- |

**ખાસ નોંધ**

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતાં પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.



# વૈવિધ્ય

## ૧. સંવાદનું ઘટતું પ્રમાણ

**રણછોડ શાહ**

આજથી ત્રણ-ચાર દસકા અગાઉ ભારતની વસ્તી બહુ મોટી સંખ્યામાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હતી. ત્યારે માનવીય સંબંધો લાગણીસભર હતા. વસ્તીનું પ્રમાણ ઓછું હોવાથી એકની એક વ્યક્તિને સવાર, બપોર અને સાંજે મળવાનું થતા ચહેરાઓ પરિચિત બનતા. માનવ સામાજિક પ્રાણી હોવાથી થોડો થોડો વાતચીતનો વ્યવહાર થતો. સવારે શાકભાજી કે કરિયાણાની દુકાને મળવાનું થતું, બપોરે ઓફિસમાં કે બજારમાં મળી જતા તો સાંજે ગામના પાદરે, તળાવ, બગીચા કે નદીના કિનારે એકબીજાને મળવાનું અત્યંત સહજ અને સરળ હતું. સામાન્ય વાતચીતનો સંબંધ ધીમે ધીમે ઘનિષ્ટ પરિચયમાં પરિવર્તિત થઈ જતો. આ સંબંધોમાં સારી, ખરાબ, યોગ્ય, અયોગ્ય કે અંગત વાતો સહેલાઈથી થઈ જતી.

ધીમે ધીમે આપણે પણ પાશ્ચાત્ય સંસ્કૃતિ સ્વીકારી લીધી. પાડોશી સાથેના વ્યવહારમાં બાજુવાળાની ખબર અંતર પૂછતા હોઈએ તો તેના અંગત જીવનમાં માથું મારીએ છીએ તેમ સમજાવા લાગ્યું. તેથી એકલતાવાદી અભિગમ જાણે અજાણે સમાજમાં સ્થાઈ થયો.

આજથી એક-બે દસકા અગાઉ દિવાળીના દિવસોમાં સગાઓ અને પરિચિતોથી ઘર ઊભરાઈ જતા. બેસતું વર્ષ તો સૌને મળવા માટેનો મોટો મેળાવડો બની જતું. સૌને એકબીજાને ત્યાં જવાનું અને અન્યોને પોતાને ત્યાં આવકારવામાં આનંદ આવતો. આજે પરિસ્થિતિ એવી છે કે કોઈને પણ ત્યાં જતા અગાઉ ફોન કર્યા વિના સીધા પહોંચી જઈએ તો સારી રીતભાત (Good Manners) ગણાતી નથી. અરે! અત્યંત નજીકના મિત્ર કે સગાને ત્યાં જતા અગાઉ પણ ફોન કરવો અનિવાર્ય બન્યો છે.

બે કે બેથી વધુ વ્યક્તિઓ એક જ છત નીચે ચોવીસે કલાક અને બારેમાસ રહેતી હોય તો ક્યારેક તો વિચારભેદ કે મતભેદ થાય. કોઈ પણ એક વિષય અંગે ભિન્નભિન્ન વિચારો રજૂ થતાં ઘરનું વાતાવરણ ઉગ્ર ન બને તો જ નવાઈ! અગાઉ અહીંયા મતભેદ જરૂર હતા પરંતુ મનભેદ નહોતા. ઘરમાં અલગઅલગ મતમતાંતરોને કારણે ચડભડ પણ થતી. આજ સમયે કોઈ નજીકના મિત્ર કે સ્વજન અચાનક આવી જાય તો તેમની હાજરીમાં જે તે મુદ્દાની ચર્ચા થાય, તેમનો અભિપ્રાય લેવાય અને ચર્ચાના અંતે ઘીના ઠામમાં ઘી પડી જતું. સૌ સાથે મળીને એક નિર્ણય લઈ લેતા અને સૌ તેને અનુસરતા.

આજે વિભક્ત કુટુંબોની બોલબાલા છે. એકબીજા સાથેના સંબંધો અને પ્રત્યાયનમાં ભયંકર ઓટ આવી છે. અત્યંત તાણયુક્ત પરિસ્થિતિમાં દુઃખના વાદળોને વિખેરી નાંખવા

માટે પાડોશી, સ્વજન, મિત્ર કે સગા હાથવગા હોતા નથી. આ પરિસ્થિતિ બે ચાર દિવસ ચાલે અને તેનું નિરાકરણ ન આવે તો વ્યક્તિ 'આપઘાત'ના રસ્તે આગળ વધે છે. જીવન દોહ્યલું બની જાય છે. ટૂંકમાં એકબીજા વચ્ચે સમજણનો સેતુ બાંધવાને બદલે ઊંડી ખાઈ રચાઈ જાય છે અને અંતે અંતિમવાદી પગલું લેવાઈ જાય છે.

આવું જ બીજું કારણ છે ખૂબ ઊંચી અપેક્ષાઓ - કુટુંબના પ્રત્યેક સભ્યની અન્ય સભ્ય પાસે અત્યંત વધુ પડતી અને સંતોષી ન શકાય તેવી અપેક્ષાઓ છે. શરૂઆત પતિ-પત્નીથી કરીએ : કુટુંબના સૌ સભ્યો કુટુંબની બહુ મોટી આર્થિક કમાણી હોય તેવી આશા અને અપેક્ષા રાખે છે. આ સંજોગોમાં ઘરના મોભીએ વધારે મહેનત કરવી પડે, વધુ સારા આર્થિક વળતર માટે વધુ સમય ફાળવવો પડે તે સ્વાભાવિક છે અને તેને કારણે શારીરિક થાક પણ વધુ લાગે. પુરુષ વ્યવસાયથી આવે ત્યારે અત્યંત થાકેલો હોય અને તેથી ગુણવત્તા સભર સમય પરિવારને ફાળવી શકે નહીં. આ પરિસ્થિતિમાં પત્ની અને સંતાનો તાણ અનુભવે તો તેમાં કાંઈ પણ અજૂગતું નથી. તેમાં પણ કુટુંબની સ્ત્રી વ્યવસાયી હોય તો પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની જાય છે. પતિ અને બાળકો સાંજે ઘરના કામમાં મદદ કરે તેવી આશા પત્ની રાખે તે સ્વાભાવિક છે. પરંતુ પુરુષ પ્રધાન સમાજમાં જીવતા યુવાનો આ વાત સહેલાઈથી સ્વીકારે નહીં તો ઘરમાં વાતાવરણ તંગ ન બને તો જ નવાઈ! કુટુંબના સૌ સભ્યો એકબીજા પાસેથી મદદની બહુ ઊંચી અપેક્ષા રાખે છે. સંયુક્ત કુટુંબ હોય તો વડીલો યુવાનો પાસેથી અને યુવાનો વડીલો પાસેથી વધુ સારી સમજણ અને તમામ કાર્યોમાં એકબીજાની મદદની અપેક્ષા રાખે છે. અહીંયા જો એકબીજા સાથે સારી રીતે વિનયપૂર્વક વાતચીત કરવાનો સંબંધ ન હોય તો તનાવપૂર્ણ સ્થિતિમાં કોઈક તો અંતિમ પગલું ભરી જ લે.

આજકાલ મમ્મી-પપ્પા બાળકો પાસે અભ્યાસ અને અન્ય તમામ પ્રવૃત્તિઓમાં અત્યંત ઊંચી અપેક્ષા રાખે છે. બાળકો તે સંતોષી ન શકે તો માનસિક તાણ અનુભવી અંતિમ માર્ગે વળી જાય છે. ક્યારેક બાળકો પણ મમ્મી-પપ્પાની આર્થિક સ્થિતિ સમજ્યા વિના બેહુદી માગણીઓ કરે છે. વડીલો વચ્ચે સમજણનો સેતુ ન હોય તો ચકમક ઝરે, ઝરે અને ઝરે જ. એકાદ વ્યક્તિ છેલ્લા પાટલે જઈને બેસે નહીં તો જ નવાઈ! આજે બાળકો અગાઉના સમય કરતાં વહેલાં પુખ્ત બને છે. આ સંજોગોમાં બે વિજાતીય પાત્રો પ્રેમમાં પડ્યાનો અનુભવ કરે છે. ખરેખર તો આ જાતીય આવેગ છે તેના ઉપર કાબૂ ન મેળવી શકાય તો એકબીજાનો વિરહ કે જુદાપણું આપઘાત તરફ દોરી જાય છે. યુવાન કે યુવતી કમનસીબ ઘટનાનો ભોગ બને છે. ટૂંકમાં મુશ્કેલી કે સંઘર્ષનો સામનો કરવાને બદલે વ્યક્તિ પલાયનવાદી બની ટૂંકા રસ્તે વળી 'જીવન ટૂંકાવી' પ્રશ્નનો ઉકેલ આવી ગયાનું આશ્વાસન લે છે.

આ આપણા સમાજનું વાસ્તવિક ચિત્ર છે. કુટુંબના પ્રત્યેક સભ્યએ અન્યને સમજવા પડશે અને તે જેવા હોય તેવા સ્વીકારવાના પણ રહેશે. સારા સામયિકોનું વાચન, ઉત્તમ પુસ્તકોની ચર્ચા, યોગ્ય ચલચિત્રો સહકુટુંબ જોઈ તેની મુક્ત અને ચર્ચા અને ટીવીની સારી



અને યોગ્ય બાબતો વિશે ઘરમાં સૌ સભ્યો ખુલ્લા મને સંવાદ કરે તે આવશ્યક છે. કોઈનો મહેલ જોઈને આપણી ઝૂંપડી તોડી પાડવામાં ડહાપણનો અભાવ છે. બાળકોને સંતોષી બનાવવા હોય તો પહેલાં મોટેરાઓએ સંતોષી બનવું પડશે. બાળકોને વિવેકી બનાવવા મમ્મી-પપ્પાએ ધીરજ અને ડહાપણનો ગુણ કેળવવો પડશે. વાતવાતમાં ગુસ્સે થઈ એકબીજા ઉપર આક્ષેપબાજી કરવાથી ઘરમાં સતત 'હોળી' સળગેલી રહેશે. ઘરમાં રોજ સંવાદિતા જ રહે તે જોવાની જવાબદારી સૌ સ્વેચ્છાએ સ્વીકારે તો જ અંતિમવાદી પગલાં ટાળી શકાય. આપણે વધુ સામાજિક બનીએ, મિત્રોને ત્યાં કોઈ પણ જાતની અપેક્ષા વિના જઈએ, તેમને બોલાવી અને ઘરમાં આનંદિત વાતાવરણ રાખીએ. પતિ કે પત્ની એકબીજાની દલીલો અંગે વિચારે, સમજે, તેને બિરદાવે અને જુદા વિચાર હોય તો નમ્રતાપૂર્વક રજૂ કરતાં શીખે તે આજની માંગ છે. બાળકોને ખૂબ કહેવું છે પરંતુ વડીલો પાસે તેમને સાંભળવાનો સમય નથી. બાળકોના મિત્રોને આવકારો અને તેમની સાથે પોતાના સંતાનો જેવો જ વ્યવહાર કરી અરસપરસના વિચારોને જાણવા સમજવાનો પ્રયત્ન કરો. બે જણ વચ્ચેનું અંતર ઓછું કરવું હોય તો શું કરવું જોઈએ?

બે વ્યક્તિ જ્યારે નજીક આવે ત્યારે કોણ કેટલા ડગલા ચાલ્યું તે અગત્યનું નથી ...

પણ મહત્ત્વનું એ છે કે અંતર કેટલું ઘટ્યું ...

(૪૭, સુવર્ણપૂરી સોસાયટી, ચીકુવાડી, જેતલપુર રોડ, વડોદરા)

## ૨. મારા પિતા ....

આજે જે લેખ લખવા જઈ રહ્યો છું તે માત્ર લેખ નહિ પરંતુ મારી જિંદગી છે. મારું સર્વસ્વ છે. મારો આત્મા છે. મારા ગુરુ, મારા સખા, મારા સુખદુખના ભાગીદાર. ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા પિતા...!

કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે. સંત મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે. દેવી-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યા છે.

પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પના ને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ પણ સારા પિતાઓ વિશે શું લખાયું છે? પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે.

તેમની ફાટેલી ગંજી જોઈએ તો સમજાય કે ''આપણા નસીબના કાણા તેમના ગંજીમાં પડ્યા છે.'' તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા જીન્સ લઈ આપશે પણ પોતે તો જૂનો લેંઘો જ વાપરશે.

સંતાનો ૧૦૦-૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ? નોકરીમાં એક દિવસ રવિવારે રજા મળતા જ કામ કરતાં પણ મેં જોયેલા છે પિતાને ... બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી કારણ કે નાના ભાઈબહેનોને સાચવવાના હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી. કારણ કે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતા એ જ કરવાનું હોય છે. પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડૉક્ટર એકાદ મહિના આરામ કરવાનું કહી દેશે. તો શું કરવું તેનો ડર લાગે છે. કારણ કે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી. પહોંચ હોય કે ન હોય પણ દીકરાને એન્જિનિયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે. કોઈ પણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે કારણ કે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડાના પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે. પણ હોસ્પિટલની લોબીમાં અવસ્થ થઈ આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે.

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઊજાગરો કરતા હોય છે. દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનાર પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઊંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને?

બસ હવે વધુ કંઈ નહિ લખી શકું ... I love My Father ... હું દોડીને મારા પિતાની જ આંગળી પકડું ... જો તમને આ લેખ અને વાતો ગમી હોય તો શેર કરજો મિત્રો સાથે જેથી કરીને એમના કોઈક શબ્દો કોઈક મા-બાપને વૃદ્ધાશ્રામે જતાં અટકાવશે, તો મારો અને તમારો જન્મારો સફળ ગણાશે. (ઈન્ટરનેટ પરથી)



# ૩. આપઘાત નિવારી શકાય

## વસંત શાહ

WHO ના રીપોર્ટ મુજબ વિશ્વમાં આપઘાતના કિસ્સા દર વર્ષે ૧૪ દર એક લાખે નોંધાયેલ છે. ભારતમાં આ પ્રમાણ ૧૬ પ્રતિ એક લાખ દર વર્ષે નોંધાયેલ છે. સૌથી વધુ કિસ્સા ૧૫-૨૮ ઉંમરના ગ્રુપમાં હોય છે.

શિક્ષણમાં, નોકરીમાં, કૌટુંબિક સંબંધમાં કે જીવનના અન્ય ક્ષેત્રમાં અતૂટ અપેક્ષાઓ, હરિફાઈ અને નિષ્ફળતા (કે માની લીધેલ નિષ્ફળતા) આવા અંતિમ નિર્ણય તરફ જવા પ્રેરે છે.

વધારામાં સોશિયલ નેટ વર્કીંગના વધતા વિસ્તારથી એકાકીપણું પણ વર્તાય છે. ઉપરાંત, નાના કુટુંબોમાં counselling કે sharing ની તક ઓછી મળે છે.

આને સંપૂર્ણપણે નિવારી શકવાનું ન થઈ શકે, તેમ છતાં નીચેના પગલા આના પ્રમાણમાં ઘટાડો જરૂર લાવી શકે.

(૧) દરેક ક્ષેત્રમાં બિનજરૂરી હરિફાઈથી વ્યક્તિ અને કુટુંબના સભ્યો સભાનતાપૂર્વક દૂર રહી શકે.
(૨) અપેક્ષા સીમિત રાખીને નિરાશા કે perceived નિરાશા/નિષ્ફળતાનું વાતાવરણ નિવારી શકાય.
(૩) કુટુંબના સભ્યો વચ્ચે પાર્ટિસિપેટિવ પ્રેમભર્યા વાતાવરણ માટે પ્રયત્નો.
(૪) શાળા/કોલેજમાં counselling ની વ્યવસ્થા.
(૫) શહેરમાં કે તાલુકા લેવલે હેલ્પલાઈનની વ્યવસ્થા.

દા.ત. ‘આસરા’ શું કહે છે —

Doctors fight disease, Lawyers fight injustice, Teachers fight ignorance, We fight to prevent sucide.

અંતે, વાંચન, મનન અને ચિંતન આ પરિસ્થિતિનું નિર્માણ રોકી શકે છે.

ફળની આશા/અપેક્ષા સિવાય સતત કાર્ય કરવું એ જ અધિકાર અને ફરજ છે, એટલું જ નહિ પણ તમામ પ્રયત્નો પછી સફળતા ના મળે તો પણ ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે તેમ,

સર્વ ધર્માન્ પરિત્યજય, મામેકં શરણં વ્રજઃ
અહં ત્વા સર્વ પાપેભ્યઃ (ચિંતમાંથી), મોક્ષમિષ્યામિ મા શુચઃ

(૨૬, માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ)

**નોંધ :** આ અંકમાં ‘જંજીર પણ ઝાંઝર નહીં’ નો લેખ અનિવાર્ય સંજોગોને કારણે આપી શક્યા નથી. તે માટે દિલગીર છીએ. - સંપાદક

## શબ્દના ઉજાસમાં પ્રગટ થતું આંતરવિશ્વ : ‘મુક્તિ-વૃત્તાંત’

### સોનલ પરીખ

સ્ત્રીઓ સાથે જે અનેક રહસ્યો, અનેક આશ્ચર્યો જોડાયેલાં છે, તેમાંનું એક એ કે આમ તો સ્ત્રીઓ થોડી ઓળખાણમાં પણ પોતાના વિશે, પતિ-સંતાનો વિશે, પિયર-સાસરા વિશે અનેક વાતો કરી લેતી હોય છે. પણ આત્મકથા ભાગ્યે જ લખે છે. સ્ત્રી અને સર્જક બંને તરીકે વિચારી જોયું ત્યારે સમજ પડી કે વાતચીતની વાત જુદી છે, તેમાં બે-ત્રણ-ચાર પસંદગીની વ્યક્તિઓ સામેલ હોય છે - જરા બોલી લઈએ તો મન છૂટું થઈ જાય છે - બાકી માઈક પર કે કાગળ પર અંગત વિશ્વ પરથી પડદો હટાવવો એમાં તો જાતજાતનાં જોખમો છે. ઉપરાંત ફરિયાદ, ટીકા કે આંસુના રસ્તે હળવા થઈ લેવું એક વાત છે અને સચ્ચાઈથી ને હિંમતથી પોતાની જાતનો, સંબંધોનો અને સમાજનો મુકાબલો કરવો એ બીજી વાત છે. એક ત્રીજી વાત પણ છે - સ્ત્રીનું આંતરવિશ્વ સ્ત્રીથી પણ પૂરું પકડાય કે વર્ણવાય નહીં તેવું અદ્‌ભુત અને સૂક્ષ્મ હોય છે.

આવી સ્થિતિમાં હિમાંશી શેલત જેવાં પરિપક્વ સર્જક જ્યારે આત્મકથા લખે ત્યારે તેને માટેનું કુતૂહલ ખૂબ વધી જાય તે સ્વાભાવિક છે. પણ જેમ જેમ આત્મકથામાંથી પસાર થતા જઈએ, આપણામાંનો જિજ્ઞાસુ ભાવકમાં પરિવર્તિત થતો જાય છે અને અંતે તૃપ્તિના સ્મિત સાથે પુસ્તક બંધ કરે છે - આ છે ‘મુક્તિ-વૃત્તાંત’નો મને થયેલો પરિચય.

પહેલા સાડા ત્રણ પાનામાં એક સંવાદ છે. તેના પહેલા જ વાક્યમાં આત્મહત્યાનો ઉલ્લેખ છે. એક જાણીતી મોડેલની આત્મહત્યા ટીવી ન્યૂઝમાં જોઈ મુક્તિ કહે છે, ‘એને જો અલ્ઝાઈમર્સ થયો હોત તો આમ મોતને વળગી ન પડત. કશું યાદ હોય તો પીડા થાય ને - પણ આમ કશું યાદ જ ના હોય તે સ્થિતિનો પણ ડર લાગે.’ સામે છે એના અંતરાત્મા રૂપી અંતરંગ સહેલી. વાતવાતમાં અચાનક મુક્તિ આત્મવૃત્તાંત લખવાની ઈચ્છા વ્યક્ત કરે છે. સવાલ આવે છે, ‘શું કામ?’ સવાલ પૂછાવા ચાલુ રહે છે. કઠોર તો નહીં, પણ સત્યનો સામનો કરવાનો આવે તેવા ખરાં. મુક્તિ પ્રામાણિકતાથી પોતાની ઈચ્છાને તપાસે છે. આત્મકથા શું કામ લખવી છે તેનો જવાબ શોધે છે - અલ્ઝાઈમર્સ જેવું કંઈ થાય ને બધું ખરી પડે તે પહેલાં તેને સાચવી લેવાની કોશિશ, જાતને સ્થાપવા કે સંકેલો કરવાની વાત, સંબંધોની સચ્ચાઈ અને કામની નક્કરતાને ચકાસવાની ઈચ્છા, શબ્દના ઉજાસમાં જાતને જોવાનું મન - હા. પોતે આમ કર્યું ને તેમ એ બતાવવાની વાત નથી, વાત છે જીવનની સંધ્યાએ એક વખત કરેલા પથારા પર નજર નાખવાની,જે શબ્દએ જીવનને જાળવ્યું છે તેના ઉજાસમાં જાતને એક વાર જોઈ લેવાની.



અને યાત્રા આરંભાય છે, મુક્તિ એ જ હિમાંશી છે. ૧૯૪૭માં જન્મેલી પૌત્રીને દાદાએ મુક્તિ નામ આપ્યું, પણ રાશિ પર પણ એક નામ હોવું જોઈએ, એટલે ફઈએ પાડ્યું હિમાંશી નામ. નામની આવી મીઠી ગેરસમજ ‘નીલમણિ’ નામ સંદર્ભે પણ થાય છે. નીલમણિ એ હિમાંશીબહેનના પતિ વિનોદ મેઘાણીનું, તેમના નેપાળી મોસાળપક્ષે પાડેલું નામ છે.

હિમાંશીબહેનના દાદા કાલિદાસ શેલત બુદ્ધિજીવી અને જીવનપ્રેમી પત્રકાર, પહેલા સાપ્તાહિક ને પછી દૈનિક બનેલા ‘પ્રતાપ’ના માલિક અને તંત્રી. સંયુક્ત પરિવારના સમર્થ મોભી. તેમને લીધે હિમાંશીબહેનનો ઉછેર વિચારસમૃદ્ધ વાતાવરણમાં થયો. નાની ઉંમરે જ વિચારો, સર્જકો અને પુસ્તકોની દુનિયામાં અનાયાસ પ્રવેશ થયો. અંગ્રેજીના અધ્યાપક તરીકે છવ્વીસ વર્ષની કારકિર્દીએ એક તરફથી વિશાળ વાંચન અને અધ્યયનનો ખજાનો ખોલી આપ્યો, બીજી તરફથી શિક્ષણ અને વહીવટની સમસ્યાઓને નજીકથી જોવાનો મોકો આપ્યો અને ત્રીજી તરફથી સામાજિક નિસબતનો પાયો નાખી આપ્યો. સર્જનાત્મક લેખન-વાંચન, નંદીગ્રામની મુલાકાતો, સુડતાલીસ વર્ષની ઉંમરે વિનોદ મેઘાણી સાથેનાં લગ્ન, બે પ્રતિભાશાળી વ્યક્તિઓના સૂક્ષ્મતાના સ્તરે જીવાયેલા સંબંધો, સામાજિક નિસબતથી થતાં રહેતાં કામો અને અનંત પ્રાણીપ્રીતિ તેમના જીવનના સ્તંભો રહ્યા છે. પ્રવાહમાં વળાંકો-વિઘ્નો આવ્યાં હોય, ભરતીઓટ થયાં હોય, પ્રસન્નતા અને પીડાના મુકામ આવ્યા હોય એ બધું તંદુરસ્ત તટસ્થતાથી જોતાંતપાસતાં આત્મકથા આગળ વધતી જાય છે. કોઈ સ્પષ્ટતાની જરૂર પડી ત્યાં બે-એક વાર ફરી પ્રારંભે હતો એવો જાત સાથેનો સંવાદ આવે છે. આ શૈલી આત્મકથા માટે નવી છે, અને સ્વરૂપ તરીકે તેને વધારે જીવંત બનાવનારી નીવડી છે.

આત્મકથા લખનારમાં જોઈતા તટસ્થતા અને પ્રામાણિકતાના ગુણો તો હિમાંશીબહેન પાસે છે જ, સાથે તેમણે બનાવોને સંવેદનાના સંદર્ભે આલેખવાનો આગ્રહ રાખ્યો છે. જીવનની કોઈ પણ ઘટનાનું બીજારોપણ પહેલા ચિત્તની માટીમાં થાય છે, ત્યાર પછી તેની અંકુરિત થવાની અને પાંગરવાની લીલા આંતરબાહ્ય બંને સ્તરે ચાલે છે. આત્મકથામાં જો ફક્ત બાહ્ય સ્તરે બનેલી ઘટનાઓનો આલેખ આપવાનો ઉપક્રમ હોય, તો એ દસ્તાવેજીકરણની કોઈક સીમા પર આવીને અટકી જાય. ઘટનાઓ, સંબંધો, કાર્યો, વલણો પાછળનું જે આંતરિક દૃશ્ય હોય છે તે જ તો આત્મકથાને સાર્થક અને સર્જનાત્મક બનાવે છે. આ સત્ય હિમાંશીબહેન જાણે છે એટલું જ નહીં, તેમની દૃષ્ટિ એ આંતરવિશ્વ પર જ ઠરેલી છે. આજનું પોતાનું વ્યક્તિત્વ આંતરભૂમિમાં પડેલાં કયા બીજ પાંગરવાથી બન્યું છે તે તેમણે સહજ સ્વાભાવિક રીતે તપાસ્યું છે. એ યાત્રામાં સામેલ થવાની વાચકને મજા પડે છે. તેમના જીવનની ઘટનાઓને માનવીય સંવેદનોના પરિપ્રેક્ષ્યથી વાચક માત્ર જોતો નથી, અનુભવે પણ છે. આ તત્ત્વે ‘મુક્તિ-વૃત્તાંત’ની સર્જનાત્મક સમૃદ્ધિ વધારી છે.

અને શૈલી, પૂરાં ઈન્વોલ્વમેન્ટ સાથે છતાં પૂરતી તટસ્થતા અને નિરાંતની હળવાશ સાથે હિમાંશીબહેન વાતની માંડણી કરે છે અને વિસ્તારે છે. નકામો મેદ ક્યાંય નથી.

આત્મરતિ, પોતાનું મહિમાગાન કે વાચકોને કંટાળો આવે તેવી વિગતોનો અહીં સર્વથા અભાવ છે. તેમની શૈલી પ્રવાહી અને શબ્દપસંદગી તાજગીભરી છે. શબ્દ તેમને માટે સથવારો છે, આધાર છે, અભિવ્યક્તિ છે છતાં જીવન શબ્દ કરતાં મોટું છે તેની પ્રતીતિ તેમને છે.

'મુક્તિ-વૃત્તાંત'માં થતો હિમાંશીબહેનના સ્વ-ભાવનો નર્યો નિરામય નિરાડંબર પરિચય એ વાચક માટે પહેલી અને મોટી પ્રાપ્તિ છે. જીવનને જુદી જુદી રીતે સ્પર્શી લેવાની તેમની પ્રકૃતિ આકર્ષે તેવી છે. 'મુક્તિ' શબ્દના અન્ય અર્થો પણ પછી વાચકના મનમાં ઊઘડતા આવે છે. મુક્તિ નામની વ્યક્તિનું આ વૃત્તાંત જીવનના મુક્ત વહેણને બાંધતી અનેક વૃત્તિઓમાંથી મુક્ત થવાની વાત પણ કરે છે. એ અર્થમાં મુક્ત હોવાથી જાતજાતના અજંપા, સ્પર્ધાઓ, કશુંક સાબિત કરવાની દોડ આ બધું આપોઆપ ખરી પડતાં સર્જકચેતના કેવી હરીભરી અને મોકળી થાય તેનું પ્રમાણ આ પુસ્તકનાં પાનાંઓ પર એકથી વધારે વાર મળે છે. સાથે શિક્ષણ, સામાજિક નિસબત, અંગત સંબંધો, સાહિત્યસર્જન, સહિષ્ણુતા અને રાજકારણ, પુરસ્કાર અને વાડાબંધી - આ બધા સંદર્ભે તેમના અભિગમો જાણવા મળે છે. અંતે વાત જીવનમાંથી મુક્ત થવા સુધી આવે છે ત્યારે લેખિકા કહે છે, સંગીતનું ઉપશમન થાય તેવી રીતે બધું પૂરું થાય તો મને ગમે.

દરેક વ્યક્તિએ પોતાની હોડી પોતાના હાથે ને પોતાના હલેસે હંકારવાની હોય છે, પોતાની પીડાનો ક્રોસ પોતે ઉપાડવાનો હોય છે અને સ્થૂળ પ્રાપ્તિઓની હકીકતને તેના યોગ્ય સ્થાને પ્રમાણી લેવાની હોય છે. પોતાના રહેવા કે જવાથી મોટો ફરક પડશે એવા ભ્રમમાંથી મુક્ત થઈ સહજ હળવાશથી અર્થપૂર્ણ રીતે જીવી જવું અને એવી જ સહજ હળવાશથી ચૂપચાપ વિદાય લેવાનું ઈચ્છવું એ જ કદાચ 'મુક્તિ-વૃત્તાંત'ના લેખન અને વાચનની ફલશ્રુતિ છે.

(મુક્તિ-વૃત્તાંત (આત્મકથન) લે. હિમાંશી શેલત. પ્રકાશક - અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કોમ્પલેક્ષ, ખત્રી પોળ, પાડા પોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી, ૨૦૧૬, પૃષ્ઠ-૧૯૨, મૂલ્ય રૂ. ૧૮૦/-)

ગયે મહિને તમને મળ્યું : **મૃત્યુ પછી આત્માની સ્થિતિ**

**મૂળ લેખક : ડૉ. માઈકલ ન્યુટન, સંકલનકર્તા : કરસન પટેલ**

**કિંમત** રૂા. ૩૫.૦૦

આવતે મહિને તમને મળશે : **જ્યોતિર્ગમય**

**મૂળ લેખક : આલ્બર્ટ આઈન્સટાઈન**



## હળવાશથી

કહેવાય છે કે અમદાવાદને સ્માર્ટ સીટી બનાવાશે. શું એનો અર્થ કે અમદાવાદ સ્માર્ટ નથી? શું એ બાઘું, ઢીલુંપોચું, આત્મવિશ્વાસ વગરનું, સ્ટુપિડ છે? આ સામે અમારો સજ્જડ વિરોધ છે. તમે અમારા અમદાવાદ વિષે આવું વિચારી જ કેમ શકો? જુઓ, અમારું અમદાવાદ કેવું છે તે જાણવું છે?

- તમે કોઈ પણ રસ્તા જુઓ, તમને માત્ર અમદાવાદ જ નહિ, આખું ગુજરાત ગતિશીલ, વાઈબ્રન્ટ દેખાશે. ચાર રસ્તે પોલીસ કે ટ્રાફિટ લાઈટ હોય કે ના હોય, અમે તો સડસડાટ નીકળી જવાના. પોલીસ ઊભો હશે તો તેનું ગરીબડું મોં જોવાની મજા પડશે. અમે વાહનને ગમે ત્યાં પાર્ક કરી શકીએ. એ દ્વારા રસ્તો રોકાઈ જાય, કોઈક સોસાયટીમાં અંદર જવાનો રસ્તો બંધ થઈ જાય. અગાઉ પાર્ક થયેલા વાહનોને બહાર નીકળવામાં તકલીફ થાય તેની ચિંતા અમને ના હોય. કારણ કે અમદાવાદનો દરેક વાહન ચાલક આનાથી ટેવાઈ ગયો છે.
- ગમે તેવી વાહનોની ભીડમાં પણ અમે રોંગ સાઈડમાં હિંમતભેર ઘુસીએ. અમારામાં સાહસવૃત્તિ ઠાંસીઠાંસીને ભરી છે.
- ચાર રસ્તા પર વાહનો, લખનૌની જેમ 'પહેલે આપ, પહેલે આપ' ના કરે. 'પહેલે મેં, પહેલે મેં' કરે અને એમ કરતાં ચારે રસ્તા સજ્જડબંબ કરી દે. બધા થોડી વાર સ્થિર થઈ જાય. તેમાં સ્કૂટરો હોય, મોટરો હોય, સીટી બસો હોય, રિક્ષાઓ હોય. આમ છતાં કોઈને ગુસ્સો ન આવે. ધીમે ધીમે જગ્યા થવા માંડે અને જામેલો ટ્રાફિક ઓગળવા માંડે.
- અમે સ્વચ્છ ભારતની ઝુંબેશના વખાણ ખૂબ કરીએ પણ અમારા બગીચાનો બધો કચરો-છોડનાં ડાળખાં, કાપેલી લોન વિગેરે રસ્તા પર ઢગલો કરી દઈએ. ઘરનું સમારકામ ચાલે તેટલા બે ચાર મહિના રેતી, ઈંટો, તોડેલી ભીંતોનો કાટમાળ રસ્તા પર જ નાખીને અડધો રસ્તો રોકી લેવાનો. અમારું આંગણું, બગીચો ચોખ્ખાચણાક રહે. અમને ગંદકી જરાય ના ગમે.
- કોર્પોરેશનના પાણીના પાઈપમાં નળ ન રાખીએ. એથી જો અમારી ટાંકી સવારે ભરાઈ જાય પછી પણ જો પાણી આવવાનું ચાલુ રહે તો અમે તે માટે એક પાઈપનો ટુકડો બહાર રસ્તા પર કાઢ્યો હોય જેમાંથી વધારાનું પાણી ઊભરાઈને રસ્તામાં ખાબોચિયા ભરી દે. અમદાવાદને થોડુ ઠંડુ રાખવાનો અમારો નમ્ર પ્રયાસ.
- એક ઈંચ વરસાદમાં અમારા રસ્તાઓ પર પાણી ભરાઈ જાય અને બધા અન્ડરબ્રીજ છલકાઈ જાય. જો કે અમે દર વર્ષે બધા રસ્તાઓ ખોદીને નવી વધારે મોટી સ્ટોર્મવોટર પાઈપ લાઈન તો લાખો રૂપિયા ખર્ચીને નાખીએ જ છીએ.
- તમે એમ ના માનશો કે અમારી પાસે ટેકનોલોજી કે તેને લગતું જ્ઞાન કે આવડત નથી. અમે એને અમારા અંદાજથી વાપરીએ છીએ.

## પ્રતિભાવ

● 'આપણું વિચારવલોણું' નો જુલાઈ, ૨૦૧૬નો અંક મળ્યો ને એક જ બેઠકે વાંચી ગયો. ખૂબ જ મનનીય લેખો હતા. સાનંદાશ્ચર્ય. મારા હાઈકુઓ છપાયેલા જોયાં. વિચારોનું એવું વલોણું થયું કે ચક્કર આવી ગયા. વિચારોમાં પરિવર્તન લાવે ખરાં, સાથે સાથે અંજપો ને અશાંતિ છોડતા નથી. કારણ ખરાબી સિસ્ટમમાં છે, ને તે બદલાતી નથી, તેથી પરિસ્થિતિ તેમની તેમ રહે છે. તેથી વિચારવંતોના ભાગે દુઃખી થવાનું આવે છે. લાચારીનો અનુભવ કરવાનો. આખી સિસ્ટમ ભ્રષ્ટ કરાવનારી ચાંદીની ગોળી, જે આભમાં છીંડું પાડે છે. ભારતમાતાની રગેરગમાં દેશભક્તિના રક્તને બદલે ભ્રષ્ટાચાર વહે છે. પૈસા ઉસેટવા એ દેશ સેવા ગણાઈ રહી છે. પ્રજા બધી રીતે ભીંસાઈ રહી છે. નેતાઓ હસતાં રહે છે. પ્રજાને મૂર્ખ બનાવવાની મઝા માણે છે.

મુનિભાઈ, બાજુના પ્લોટની ગંદકી સામે હાથ જોડીને તો બેસી ન જ રહેવાયને? અમારી સોસાયટી બહારના મેઈન રોડની સ્ટ્રીટ હેલોજન દિવસો સુધી ચાલુ રહે. તેથી કોર્પોરેશનમાં થોડા માણસોનો હલ્લો અવારનવાર લઈ જાઉં. બીજે દિવસે લાઈટો બંધ થઈ જાય. હવે એવું થતું નથી. સિનિયર સિટિઝન માટેની સગવડો સામે બાથ ભીડી કમિશ્નર, મેયર, અધિકારીઓને મળી રજૂઆતો કરી તેમને સગવડો માટે ફરજ પાડી. કોઈએ તો કંઈક કરવું જ પડે. સમય, સજાગતા ને સજ્જતા રાખી સિસ્ટમ સામે થવું જ પડે. માત્ર વિચારોથી પરિવર્તન કે ક્રાંતિ આવવી અશક્ય છે. (ઈશ્વર સી. પટેલ, સુરત)

● ઓગષ્ટની પુસ્તિકા મળી. આવા તદ્દન અવૈજ્ઞાનિક પુસ્તકની અપેક્ષા તમારી પાસેથી નહોતી. જેનો કોઈ આધાર નથી તેવી વાત વાંચવાથી શું ફાયદો? - અરુણા મહેતા, વડોદરા.

● ઓગષ્ટની પુસ્તિકા વાંચવાની ખૂબ મજા પડી.મારા પિતાજીએ પણ આખું પુસ્તક એક બેઠકે વાંચી નાખ્યું. એન્જિનિયર કરશનભાઈ પોતાનો વ્યવસાય ખેડૂત જણાવે છે તેનો પણ આનંદ થયો. - કિશોરસિંહ ઝાલા, ભાવનગર

● તમારું નવું પુસ્તક મળ્યું. અધ્યાત્મમાં એવું કહેવાય છે કે વર્તમાનમાં, આ ક્ષણમાં જીવો. પણ આ પુસ્તક તો આવતી કાલને બદલે છેક મૃત્યુ પછીની વાતમાં લઈ જાય છે, એવી વાતો જેનો કોઈ વૈજ્ઞાનિક પુરાવાઓ નથી. માત્ર શ્રધ્ધાના આધારે ચાલે.

- વિક્રમ વસાવડા, અમદાવાદ

● તમારું નવું પુસ્તક ખૂબ ગમ્યું. અમારા નિસર્ગોપચાર કેન્દ્રમાં આવતા દર્દીઓ સાથેના કાઉન્સેલીંગ દરમિયાન આ બધી વાતો એમને કરતા જ હોઈએ છીએ. તેમાં આ પુસ્તક અમારે માટે બહુ કામનું બની જાય છે. આ વાંચ્યા પછી લાગે છે કે માઈકલ ન્યૂટનના અન્ય પુસ્તકો પણ વાંચવા પડશે. કરશનભાઈને વિનંતી કે તાવરિયાજીના વિચારોના આધાર પર પણ એક પુસ્તક આપે. - ડૉ. ભરત શાહ, વિનોબા આશ્રમ, વડોદરા



● 'દેશદ્રોહ કે પ્રજાદ્રોહ'ના કાંકરીચાળા વિશે બહુ જ સારા શબ્દોમાં, સંયમિત રીતે આપના સૂરથી વિરોધી સૂર પ્રગટ કરતું લખાણ મોકલ્યું હતું. કમભાગ્યે, તેને સ્થાન અપાયું નથી. આપણી જ ધૂનમાં રાચતાં રહીને, વિચારનું વલોણું કરવાના મૂળ ભાવને વિસારે પાડીને, આપણી પૂર્વગ્રહપ્રેરિત માન્યતાઓનું દળણું દળતા લેખો અહીં મૂકાયા છે. કહેવાતા વિચારપત્રો પણ વિરોધી સૂરને નાનુંસરખું પણ સ્થાન તો આપે છે જ્યારે વલોણુંમાં તો વિરોધી સૂરની આખેઆખી બાદબાકી આપણી પ્રતિબદ્ધતા જ બતાવે છે, નિષ્પક્ષતા નહીં.

ગાંધી, ટાગોર, ટોલ્સ્ટોય, ઓસ્કાર, વાઈલ્ડ, આલ્બેર કામુ, આઈનસ્ટાઈન જેવાં મહાનુભાવોના રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદને સ્પર્શતા મહાવાક્યો ટાંકીને રાષ્ટ્રવાદને ઉતારી પાડવાની મહેનત થઈ છે પણ આ જ મહામાનવો કદાચ એ વાત સાથે સંમત થાય કે 'રાષ્ટ્રદ્રોહ' કરતાં 'રાષ્ટ્રવાદનો અંચળો' વધારે ઈચ્છવાયોગ્ય છે.

રમેશ ઓઝા 'ઘરેબાહિરે' અને ૫૬ની છાતીવાળા સંદીપને ઓળખી લેવાની સલાહ આપે છે. પણ સાથે સાથે, 'ગોરા'ના હારાનબાબુને પણ ઓળખી લેવાની જરૂર છે. ૫૬ની છાતી તો જાણીતી છે પણ બૌદ્ધિકોમાં બેઠેલા હારાનબાબુઓને ઓળખવાની તસ્દી પણ લેવી પડશે. એક માત્ર તટસ્થ અને સંવાદી સૂર ખલીલ ધનતેજવીનો જોવા મળે છે જે આવકાર્ય અને અભિનંદનીય છે.

ચોક્કસ વિચારધારા પ્રેરિત (પણ બંધારણને જ સર્વોચ્ચ માનનાર) સરકાર સત્તામાં આવી ત્યારથી જ કહેવાતા બૌદ્ધિકો ઉકળી ઊઠ્યાં છે! કોઈ પણ રીતે નાના મુદ્દાઓને વિકરાળ સ્વરૂપ આપી માધ્યમોમાં ઉત્પાત મચાવે છે અને પ્રજાહિતના કાર્યો કે પગલાંને ઈરાદાપૂર્વક નજરઅંદાજ કરે છે. ભારતની સામાન્ય પ્રજાના સંવાદી અને સમભાવી પોતમાં બે વર્ષમાં કાણાં પડ્યા હોય એવું તો ક્યાંય દેખાતું નથી.

એક સ્પષ્ટતા અત્યંત આવશ્યક છે કે આ લખનાર કેન્દ્ર સરકાર, તેના નેતા કે સંગઠનોનો 'હઈસો, હઈસો' કરનાર ભોળો પ્રશંસક પણ નથી, તો 'હડે હડે' કરનાર આંધળો આલોચક પણ નથી. બાકી તો, 'રાષ્ટ્રવાદી ઘૂઘરા'થી જગાડવાની શેખી કરનાર પોતે જાગે તોય ઘણું!

(હરેશ ખત્રી, અમદાવાદ. ફોન ૯૯૦૪૧૫૭૯૩૯)

*તે અંકમાં પ્રજાદ્રોહ અને રાષ્ટ્રદ્રોહની ચર્ચા કરવાની હતી પણ તમે તો અજાણપણે સરકારના એક 'ભોળા પ્રશંસક' તરીકે ગુણગાન જ ગાયા. આથી ન છાપ્યો. આપણે બધાએ તટસ્થપણે, આવેશમાં આવ્યા વગર મુદ્દાસર વાત કહેવાની-લખવાની આવડત વિકસાવવાની જરૂર છે. તમારો પત્ર મળ્યો તે પહેલા શ્રી બાબુ સુથારનો લેખ (ટાઈટલ નં. ૩ પર) પસંદ કરેલો. તે આપણે માટે જ છે.*

*તમે તો અમારા પ્રિયમિત્ર છો. તમારા લેખો તો આવકાર્ય જ છે અને રહેશે. અમને ઠપકારવા બદલ આભાર.*

**-સંપાદક**

## આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો, જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.

  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.

  તમારાં સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારુ.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

---

- એક સદ્ભાવી બિનનિવાસી ભારતીય અને ગાંધીપ્રેમી શ્રી ભદ્રકુમાર બુટાલાની ભાવના અને સહયોગના ભાગરૂપે, સામાજિક નિસ્બતથી ચાલતા શિષ્ટ સામયિકોને બળ આપવાના હેતુથી આપના સામયિકને આ સાથે સહયોગ રાશિ મોકલું છું.

આ સહયોગ રાશિ પેટે સંલગ્ન યાદીમાં સૂચવેલા દશ મિત્રોને આપનું પ્રકાશન નિયમિતપણે મોકલશો તો આનંદ થશે.

(હસમુખ પટેલ, ટ્રસ્ટીશ્રી, સંવેદના ટ્રસ્ટ, અમદાવાદ)





### આપણાં લગ્નપ્રસંગો

ગયાં વર્ષે લગ્નની મોસમમાં ભરપૂર લગ્નો માણવા મળ્યાં હતાં અને આ વર્ષની લગ્નોની મોસમ પણ શરૂ થવામાં જ છે, તૈયારી શરૂ થઈ ગઈ છે, આમંત્રણો આવવા માંડ્યા છે. દરેક ભભકાદાર લગ્નોમાં ઉજવણી સ્વરૂપે ચારથી છ દિવસનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. પાણીની જેમ પૈસો વપરાય છે. અન્નનો બગાડ, સમયનો પણ જોઈતો સદ્ઉપયોગ નહીં, ત્યારે એક સતત વિચાર આવે છે કે આ કરોડો રૂપિયાનાં ધૂમાડા કર્યા પછી લગ્નનો પ્રસંગ પૂર્ણ થયે શું મળતું હોય છે? લગ્નની આ પ્રકારની ઉજવણી જરૂરી છે? જેટલા રૂપિયા વપરાય છે તેટલો સંતોષ મળતો હોય છે? દેખા-દેખીએ બધાં જ આ પ્રકારની ઉજવણી કરવા ઘસડાતાં હોય છે. આટલી મોટી રકમ જો આ રીતે ન ઉડાડવામાં આવે તો એમાંથી બીજું ઘણું અર્થસભર થઈ શકતું હોય છે એવું નથી લાગતું? આટલી મોટી રકમ ક્યાંક દાન ધર્માદામાં આપી દો એવું હું લગીરે નથી કહેતી પણ આ રકમ કુટુંબની કોઈ નક્કર જરૂરિયાત માટે વાપરી શકાય કે રોકાણ કરી શકાય, ખરું કે નહીં?

તો બીજી તરફ એક અર્થશાસ્ત્રીની નજરે જોઈએ તો આ પ્રકારની ઉજવણી અર્થતંત્રને ગતિ આપે છે. નવા નવા ઉદ્યોગોને જન્મ આપે છે. દા.ત. વર્ષો પહેલાં ''ઈવેન્ટ મેનેજમેન્ટ'' જેવું કશું હતું જ નહીં. ઈવેન્ટ મેનેજમેન્ટનો તો અભ્યાસક્રમ પણ શરૂ થયો છે. લગ્ન પ્રસંગને પણ એક મેનેજેબલ ઈવેન્ટ જ ગણવામાં આવે છે. કેટલાંય લોકોને નવાં કામ અને વેતન મળે છે. રાસ-ગરબા-સંગીત વિગેરે દ્વારા આપણી સંસ્કૃતિનું જતન પણ થાય છે. જીવનમાં એક જ વાર આવતા આ પ્રસંગનું દમામભેર ઉજવણું કરીએ એમાં વાંધો ય શું?

મને યાદ છે કે ઘણાં વર્ષો પહેલાં સરકારે લગ્નોની ઉજવણીમાં થતાં ખર્ચા પર અંકુશ રાખતા નિયમો પણ લાગુ કર્યા હતાં. દા.ત. મહેમાનોની સંખ્યા, જમણની ડીશ દીઠ ખર્ચ વિગેરે. આ નિયમોની પાછળના તર્કસંગત કારણોને નજરમાં રાખતા શું આવા નિયમોનો આજની તારીખે જરૂર છે? સ્વયંભૂ શિસ્ત પાળીને લગ્નોની ઉજવણી કરવી જોઈએ? તમારે ત્યાં લગ્નપ્રસંગ આવે તો તમે કઈ રીતે ઉજવશો? આ બાબતમાં તમારો અભિપ્રાય અમારે માટે કિંમતી છે. તો તમારા વિચારો તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધીમાં અમને લખી મોકલો.

**જાગૃતિ ફડિયા**

email : jagrutifadia@gmail.com)